BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ BA - અર્થશાસ્ત્ર
પેપર - ૨
(મુખ્ય તથા ગૌણ)
**ECOM 102/ ECOS 102**
ભારતીય અર્થતંત્રનો પરિચય



## ભારતનો આંતરિક અને વિદેશ વેપાર

## 4

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશ અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOU ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડીયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ !


**કુલપતિશ્રી**

**ડૉ. અમીબેન ઉપાધ્યાય,**

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,*

*જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.*

| **વિષય સમિતિ** | |
|---|---|
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. ગીતા પંડ્યા | પ્રિન્સિપાલ, સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી એજ્યુકેશન કેમ્પસ, મણિનગર, અમદાવાદ |
| ડૉ. તુષાર હાથી | એસોસિએટ પ્રોફેસર, કુલપતિ (ઇન્ચાર્જ) નિવૃત્ત, કે. એસ. કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ, કચ્છ |
| **લેખન** | |
| ડૉ. પ્રિયંકા સોલંકી | ઇડર આંજણા પાટીદાર એચ.કે.એમ.આર્ટસ એન્ડ પી.એમ.પટેલ કોમર્સ કોલેજ, ઇડર |
| ડૉ. સવિતા દેસાઈ | ઇડર આંજણા પાટીદાર એચ.કે.એમ.આર્ટસ એન્ડ પી.એમ.પટેલ કોમર્સ કોલેજ, ઇડર |
| **પરામર્શન (વિષય)** | |
| ડૉ. હસમુખ દેસાઈ | પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. કલ્પના સતીજા | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, કે. એસ. કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ, કચ્છ |
| ડૉ. મંજુલા લક્ષ્મણ | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ |
| ડૉ. જી. ડી. ત્રિપાઠી | પ્રિન્સિપાલ, સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી, મહેસાણા |
| ડૉ. ઈલા જયદેવ | એસોસિએટપ્રોફેસર, એલ. ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ |
| પ્રો. ડૉ. પી. જી. મારવાણીયા | પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ડૉ. રોહિત દેસાઈ | ડી. ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે. જે. પટેલ કૉમર્સ કૉલેજ, ખેડબ્રહ્મા |
| **પરામર્શન (ભાષા)** | |
| ડૉ. જાગૃતિ મહેતા | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જીતલ રાઠોડ | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **સંપાદન** | |
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| શ્રી જીવરાજ ઝાંપડીયા | આસિસ્ટન્ટ પ્રોફેસરઅર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **પ્રકાશક** | |
| ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી | કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |


**ISBN : 978-93-89456-07-3**


## : સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publiation is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

# ECOM 102/ ECOS 102

# ભારતીય અર્થતંત્રનો પરિચય

BAOU Education for All
ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

## વિભાગ

# 4

## ભારતનો આંતરિક અને વિદેશ વેપાર

**એકમ-13 ભારતનો આંતરિક વેપાર**

**એકમ-14 ભારતનો વિદેશ વેપાર**

## *વિભાગ પરિચય*

# 4 ભારતનો આંતરિક અને વિદેશ વેપાર

**એકમ: 13** વેપારના પ્રકારો, આંતરિક વેપારના લક્ષણો, ભારતના રાજ્યોનો ઉત્પાદન વૃદ્ધિ દર, રાજ્યમાં ઉત્પન્ન થતા પાકો અને ભારતમાં તેનો હિસ્સો, વેપારમાં મહત્ત્વના છ રાજ્યો, આંતરરાજ્ય વેપાર, આયાત-નિકાસ

**એકમ:14** આંતરિક અને અંતરરાષ્ટ્રીય વેપારનો ખ્યાલ,ભારતના વિદેશ વેપારનું કદ, સ્વરૂપ, દિશા, વેપારક્ષેત્રે ભારતના સૌથી મોટા ત્રણ ભાગીદાર દેશો, વિશ્વ વેપારમાં ભારતનો હિસ્સો, ભારતના ઘરેલું પેદાશમાં વેપાર હિસ્સો

**એકમ 13**

# ભારતનો આંતરિક (આંતરરાજ્ય) વેપાર

## : રૂપરેખા :


**3.0** ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** વેપારના પ્રકાર

- **13.2.1** સ્થાનિક વેપાર
- **13.2.2** પ્રાદેશિક વેપાર
- **13.2.3** આંતરિક વેપાર
- **13.2.4** આંતરરાષ્ટ્રીય વેપાર

**13.3** આંતરિક વેપાર

**13.4** આંતરિક વેપારના પ્રકારો

- **13.4.1** જથ્થાબંધ વેપાર
- **13.4.2** છૂટક વેપાર

**13.5** આંતરિક વેપારના લક્ષણો

- **13.5.1** સાધનોની ગતિશીલતા
- **13.5.2** બજારોમાં સમાનતા
- **13.5.3** ચલણ વ્યવસ્થા
- **13.5.4** આર્થિકનીતિ
- **13.5.5** વ્યાપારનીતિ

**13.6** ભારતના રાજ્યોનો ઉત્પાદન વૃદ્ધિદર

**13.7** ભારતના રાજ્યોમાં ઉત્પન્ન થતી ઘરગથ્થુ વસ્તુઓ વર્તમાન ભાવોએ (2011-12ના ભાવોના આધારે)

**13.8** રાજ્યોમાં ઉત્પન્ન થતાં પાકો અને ભારતમાં તેનો હિસ્સો

**13.9** જુદા-જુદા ક્ષેત્રોમાં રાજ્યોનો ફાળો

**13.10** મહત્વના છ રાજ્યો કે જેમનો ભારતની કુલ નિકાસોમાં 75% હિસ્સો.

**13.11** આંતરરાજ્ય વેપાર, નિકાસો-આયાતો અને ચોખ્ખી નિકાસો

**13.12** રાજ્યોની ખેતી, ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રમાં ફાળો.

**13.13** સારાંશ

**13.14** ચાવીરૂપ શબ્દો

**13.15** સંદર્ભ પુસ્તકો

**13.16** 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો


---

## 13.0 ઉદ્દેશો

- આ એકમના અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતોથી માહિતગાર બની શકશો :

- વેપાર શું છે તે અંગે માહિતી મળશે.
- વેપારના પ્રકાર કયા-કયા છે તે વિશે માહિતી મળશે.
- દેશના રાજ્યો વચ્ચે થતા વેપાર એટલે કે આંતરિક વેપારના લાભ જાણી શકશો.
- દેશના જુદા-જુદા રાજ્યોની ઉત્પાદન ક્ષમતા તેમજ ત્યાં કઈ વસ્તુનું સવિશેષ ઉત્પાદન જોવા મળે છે તે વિશે માહિતી મેળવી શકશો.
- દેશના વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદનમાં રાજ્યોની ભૂમિકા શું છે તે વિશે માહિતગાર બનશો.
- રાજ્યોની કુલ નિકાસો અને કુલ આયોતો વિશે માહિતી મેળવી શકાશે.
- જુદા-જુદા ક્ષેત્રે રાજ્યોના ફાળા અંગે સમજૂતી મળશે.

## 13.1 પ્રસ્તાવના :

અમર્યાદિત જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતા મર્યાદિત સાધનોના સંદર્ભમાં માનવ વ્યવહારોનો અભ્યાસ અર્થશાસ્ત્ર કરે છે. અનેક સદીઓ પહેલાં ચીજ વસ્તુઓ અને સેવાઓનું વેચાણ નાણાંકીય સ્વરૂપમાં નહિ, પણ સાટા પદ્ધતિના (Burter System) સ્વરૂપમાં હતું, એટલે કે વસ્તુના બદલામાં વસ્તુ અથવા સેવા એ રીતે વેપાર થતો હતો. (દા.ત., ઘઉંના બદલામાં બાજરી કે ચોખા, બાજરીના બદલામાં વાસણ, કપડા વગેરે..)

"વેપાર એટલે આર્થિક હેતુથી ચીજ-વસ્તુ કે સેવાનું વેચાણ"

કોઈપણ પ્રકારનો વ્યાપાર હોય, પણ તેના ઉદ્‌ભવ માટેનું જવાબદાર પરિબળ એ શ્રમવિભાજન છે, શ્રમવિભાજનના મૂળમાં વિશેષીકરણ- રહેલું છે એટલે કે જે વ્યક્તિ જે વસ્તુ-સેવા કે ઉત્પાદનમાં કૌશલ્ય ધરાવતો હોય તે તેનું ઉત્પાદન કરી, આમ આ રીતે જુદા-જુદા પ્રકારના વેપાર ઉદ્‌ભવે છે.

## 13.2 વેપારના પ્રકાર

### 13.2.1 સ્થાનિક વેપાર

"કોઈ એક જીલ્લા કે શહેર પુરતો મર્યાદીત વેપાર જેને સ્થાનિક વેપાર કહી શકાય"

(દા.ત., સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર, વડાલી, ઈડર વચ્ચે થતાં વેપાર)

### 13.2.2 પ્રાદેશિક વેપાર (Regional Trade)

"કોઈ એક રાજ્યના જુદા-જુદા પ્રદેશો (જીલ્લાઓ) વચ્ચે થતો વેપાર પ્રાદેશિક વેપાર કહી શકાય."

(દા.ત., ગુજરાત રાજ્યના સાબરકાંઠા, મહેસાણા વગેરે.. જીલ્લાઓ વચ્ચે થતો વેપાર)

### 13.2.3 આંતરિક વેપાર : (Internal Trade)

"કોઈ એક દેશના જુદા-જુદા રાજ્યો વચ્ચે થતો વેપાર જેને આંતિરક વેપાર કહી શકાય"

(દા.ત., ભારત દેશના પંજાબ અને ગુજરાત રાજ્ય વચ્ચે થતો વેપાર)

### 13.2.4 આંતર રાષ્ટ્રીય વેપાર : બાહ્ય વેપાર (International Trade)

"કોઈ એક દેશ બીજા દેશ સાથે (ભૌગોલિક સરહદની બહારના રાજ્યો કે દેશ) વસ્તુઓ કે સેવાઓનો વેપાર કહે છે ત્યારે તેને આંતરરાષ્ટ્રીય વેપાર કહે છે."

(દા.ત., ભારત, અમેરિકા, ચીન વચ્ચે થતો વેપાર)

## 13.3 આંતરિક વેપાર / આંતરરાજ્ય વેપાર

Internal Trade / Inter-state Trade

- **અર્થ (Meaning) :**

"કોઈ એક દેશની ભૌગોલિક સરહદની અંદરના જુદા જુદા રાજ્યો વચ્ચે થતો વેપાર આંતરિક વેપાર/આંતર રાજ્ય વેપાર કહી શકાય"

## 13.4 આંતરિક વેપારના પ્રકારો (Types of Internal Trade)

### 13.4.1 જથ્થાબંધ વેપાર (Wholesale Trade)

### 13.4.2 છૂટક વેપાર (Retail Trade)

## 13.5 આંતરિક વેપારના લક્ષણો (Characteristics of Internal Trade)

એક જ દેશના વિવિધ રાજ્યો (પ્રદેશો) જુદી-જુદી વસ્તુઓના ઉત્પાદન માટેની અનુકૂળતાઓ અને વિશેષીકરણ ધરાવતાં હોય છે. આ સંદર્ભે આંતરિક બજારના લક્ષણો જોઈએ.

### 13.5.1 સાધનોની ગતિશીલતા : (Mobility of Factors)

કોઈ એક જ દેશના વિવિધ રાજ્યો વચ્ચે ઉત્પાદનના સાધનોની ભૌગોલિક ગતિશીલતા વધુ હોય છે, જેના કારણે તેમને મળતા વળતર વધુ પ્રમાણનો હોય છે.

### 13.5.2 બજારોમાં સમાનતા : (Homogeneity in Markets)

એક જ દેશના બજારોમાં ભાષા, રીત-રિવાજો, રૂઢિ, રુચિ વગેરે... અંગે સમાનતા જોવા મળે છે. ધર્મ અને સંસ્કૃતિમાં પણ મોટા ભાગે સમાનતા જોવા મળે છે. આવા રાજ્યો વચ્ચે વેપાર વધુ સરળ બને છે.

### 13.5.3 ચલણ વ્યવસ્થા : (Currency Management)

એક જ દેશના જુદા-જુદા રાજ્યોના બજારમાં થતાં વ્યાપારમાં વસ્તુઓના વિનિમયનું માધ્યમ એક જ હોય છે. દા.ત., ગુજરાત, પંજાબ, આંધ્ર પ્રદેશ વચ્ચેનો વ્યાપાર રૂપિયાના માધ્યમ દ્વારા જ થાય છે. પણ જો ભારત અન્ય દેશ સાથે વ્યાપાર કરશે તો તેણે જુદા-જુદા ચલણોનો વિનિમય સ્વીકારવો પડશે. એટલે કે, ભારત અમેરિકા સાથે વેપાર કરશે તો રૂપિયા-ડોલરનો વિનિમય નક્કી થશે. ટુંકમાં રાજ્યો વચ્ચે થતો વેપાર એ ચલણ વ્યવસ્થાને ધ્યાનમાં રાખી વધુ સરળ બને છે.

### 13.5.4 આર્થિક નીતિ : (Economic Policy)

એક જ દેશના વિવિધ રાજ્યા / પ્રદેશોમાં સામાન્ય રીતે આર્થિક નીતિમાં એકરૂપતા જોવા મળે છે. વિવિધ રાજ્યોના પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો પ્રયત્ન દેશની સરકાર કરતી હોય છે. આમ, આર્થિકનીતિમાં સમાનતા જોવા મળે છે.

### 13.5.5 વ્યાપાર નીતિ : (Trade Policy)

વિવિધ દેશોની વ્યાપારનીતિ અસમાન હોય છે વિદેશી ઉત્પાદકો સામે દેશને રક્ષણ આપવા માટે આયાત-જકાત, નિકાસ સહાય, આ સિવાય ઘણાં પગલાં લેવામાં આવે છે. પરંતુ, એક જ દેશમાં થતાં વેપાર (રાજ્યો વચ્ચે થતાં વેપાર) માં વ્યાપારનીતિ નડતી નથી. વળી GST (Goods and Services Tax) અંતર્ગત ભારત દેશના તમામ રાજ્યો (જમ્મુ-કશ્મીર સિવાય)માં એક સરખા વસ્તુ અને સેવાના વેરા લાગતાં હોવાથી દેશમાં આંતરીક વેપારની અનુકુળતાઓ વધી છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

**1. વેપાર એટલે શું ? વેપારના પ્રકારો જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

..............................................................................

..............................................................................

2. આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચેનો તફાવત સમજાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

3. આંતરિક વેપારના લાભની ચર્ચા કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 13.6 ભારતના રાજ્યોનો ઉત્પાદન વૃદ્ધિદર (Production Growthrate of Indian States)

ભારતના સમવાયતંત્રમાં રાષ્ટ્ર જુદા-જુદા 29 રાજ્યોમાં વહેંચાયેલું છે. જેમાં જુદા-જુદા રાજ્યોનો ઉત્પાદન વૃદ્ધિદર નીચેના ટેબલ નં.13.1 પરથી જોઈ શકાય છે.

**ટેબલ નં.13.1 રાજ્યોનો ઉત્પાદન વૃદ્ધિદર**

**(State's Nominal GSDP growth in Percentage)**

| ક્રમ | રાજ્ય | 2010-11 | 2014-15 | 2016-17 |
|---|---|---|---|---|
| ★ | ભારત | 18.66 | 11.0 | 10.8 |
| 1 | દિલ્લી | 15.20 | 11.50 | 12.50 |
| 2 | કર્ણાટક | 21.7 | 11.80 | 11.80 |
| 3 | ગુજરાત | 20.93 | 14.10 | 13.00 |
| 4 | આંધ્રપ્રદેશ | 17.03 | 13.40 | 14.70 |
| 5 | મહારાષ્ટ્ર | 20.96 | 07.90 | 13.60 |
| 6 | મધ્યપ્રદેશ | 15.53 | 9.20 | 19.30 |
| 7 | છત્તીસગઢ | 20.18 | 6.90 | 12.90 |
| 8 | રાજસ્થાન | 27.28 | 11.70 | 11.00 |
| 9 | પશ્ચિમબંગાળ | 15.56 | 6.10 | 10.30 |
| 10 | બિહાર | 25.39 | 8.20 | 15.30 |

સ્રોત : https://en.wikipedia.org./wiki/Listof Indianstates.and.union.territories.by.GDP.

GDP - Gross Domestic Production

GSDP - Gross State Domestic Production

- **સમજુતી :**

ઉપરોક્ત ટેબલ નં.13.1 પરથી કહી શકાય કે ભારતનો ઉત્પાદન વૃદ્ધિદર વર્ષ-2010-11માં 18.66 ટકા હતો તે ઘટીને 2016-17 માં 10.8 ટકા થયો છે. વળી, ઉપરોક્ત દર્શાવેલ તમામ રાજ્યોનો ઉત્પાદન વૃદ્ધિદર એ ભારતની સરખામણીએ વધુ છે.

જેમાં રાજ્યોની સરખામણી કરતાં જોવા મળે છે કે સૌથી વધુ ઉત્પાદન વૃદ્ધિદર મધ્યપ્રદેશ, બિહાર, આંધ્રપ્રદેશ, ગુજરાત, અને છત્તિસગઢનો છે ત્યારબાદ અન્ય રાજ્યો છે.

ભારતમાં પ્રાદેશિક અસમતુલાઓની સમજ આપવા માટે 15 મુખ્ય રાજ્યોનું બે વર્ગોમાં વિભાજન કરવામાં આવ્યું છે.

1. સમૃદ્ધ રાજ્યો
2. પછાત રાજ્યો.

પંજાબ, ગુજરાત, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને આંધ્રપ્રદેશનો સમૃદ્ધ રાજ્યોના વર્ગમાં સમાવેશ થાય છે. જ્યારે મધ્યપ્રદેશ, આસામ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સા તથા બિહારનો પછાત રાજ્યોનાં વર્ગમાં સમાવેશ થાય છે. આ માહિતીને આધારે એમ કહી શકાય કે ટેબલ નં.13.1 માં દર્શાવ્યા મુજબ મધ્યપ્રદેશ અને બિહાર એ પછાત રાજ્યોના વર્ગમાં સમાવિષ્ટ હોવા છતાં વર્ષ 2016-17માં તેનો ઉત્પાદન વૃદ્ધિદર વધુ જોવા મળ્યો છે.

## 13.7 ભારતના રાજ્યોમાં ઉત્પન્ન થતી ઘરગથ્થુ વસ્તુઓ વર્તમાન ભાવોએ. (2011-12 ના ભાવોના આધારે) Net State Domestic Product at Current Prices (2011-12 Series) As on 23.08.2017

**ટેબલ નં.13.2**

**(કરોડમાં)**

| રાજ્ય | 2011-12 | 2014-15 | 2016-17 |
|---|---|---|---|
| આંધ્રપ્રદેશ | 339996 | 469909 | 620974 |
| અરૂણાચલ પ્રદેશ | 10229 | 16475 | NA |
| આસામ | 129354 | 172849 | NA |
| બિહાર | 228497 | 315732 | 404438 |
| છત્તિસગઢ | 142273 | 211016 | 256346 |
| ગોઆ | 38009 | 43233 | NA |
| ગુજરાત | 532809 | 804764 | NA |
| હરિયાણા | 271152 | 395890 | 494090 |
| હિમાચલ પ્રદેશ | 60536 | 87510 | 105450 |
| જમ્મુ-કશ્મિર | 67274 | 81003 | NA |
| ઝારખંડ | 137383 | 200357 | 234147 |
| કર્ણાટક | 554952 | 824506 | 1022008 |
| કેરાલા | 3280021 | 460614 | NA |
| મધ્યપ્રદેશ | 282370 | 429896 | 571934 |
| મહારાષ્ટ્ર | 1122173 | 1551628 | NA |
| મણિપુર | 11501 | 16420 | NA |

| | | | |
|---|---|---|---|
| મેઘાલય | 18028 | 20697 | NA |
| મીઝોરમ | 6404 | 12067 | NA |
| નાગાલેન્ડ | 10554 | 16104 | NA |
| ઓડિસા | 201111 | 282322 | 334067 |
| પંજાબ | 239227 | 316534 | 384319 |
| રાજસ્થાન | 396710 | 542657 | NA |
| સિક્કિમ | 9742 | 13556 | 16640 |
| તમિલનાડૂ | 674478 | 957447 | 1164311 |
| તેલંગાના | 325139 | 456110 | 583621 |
| ત્રિપૂરા | 17419 | 27484 | NA |
| ઉત્તર પ્રદેશ | 645132 | 891798 | 1129290 |
| ઉત્તરાખંડ | 101960 | 143789 | 174768 |
| પશ્ચિમ બંગાળ | - | - | - |
| અંદમાન-નિકોબાર આઈસલેન્ડ | 3404 | 4916 | NA<br>- |
| ચંડીગઢ | 16930 | 23498 | NA |
| દિલ્હી | 314619 | 447435 | 565655 |
| પોંડીચેરી | 15160 | 20143 | 25098 |
| ભારત NDP | 7819154 | 11101191 | 13597811 |

સ્રોત : Economic Survey 2017-18 Volume-2 (A28)

નોંધ : Na - Not Available

ઉપરોક્ત ટેબલમાં ભારતના તમામ રાજ્યોનું ઉત્પાદન દર્શાવવામાં આવ્યું છે. કુલ ઉત્પાદન એ દેશની રાષ્ટ્રીય આવક ગણાતી હોય છે. એટલે કે જેમ દેશમાં ઉત્પાદન (GDP) વધે તેમ દેશની રાષ્ટ્રીય આવક વધે છે. અને આર્થિક વિકાસ વધે છે. ઉપરોક્ત ટેબલમાં જોતા જણાય છે કે વર્ષ 2011-12ની તુલનાએ વર્ષ-2016-17માં મોટાભાગનાં રાજ્યોમાં સરેરાશ ઉત્પાદન વધ્યું છે. ટૂંકમાં ભારતમાં GDP માં વૃદ્ધિ થઈ છે.

## 13.8 રાજ્યોમાં ઉત્પન્ન થતાં પાકો અને ભારતમાં તેનો હિસ્સો (ટકાવારીમાં) Production of Important Crops in Largest producing states in 2016-17

**ટેબલ નં.3 (ઉત્પાદન-મિલિયનટનમાં)**

| ક્રમ | પ્રકાર | રાજ્ય | ઉત્પાદન | ભારતના કુલ ઉત્પાદનમાં ફાળો (ટકાવારીમાં) |
|---|---|---|---|---|
| 1 | ખાદ્યાન્ન | - | - | - |
| | ચોખા | પ.બંગાળ | 15.1 | 13.7 |
| | ઘઉં | ઉ.પ્રદેશ | 30.1 | 30.6 |
| | મકાઈ | મહારાષ્ટ્ર | 03.8 | 14.5 |

| | | | | |
|---|---|---|---|---|
| 2 | કઠોળ | - | - | - |
| | ચણા | મ.પ્રદેશ | 3.5 | 37.0 |
| | તુવેર | મહારાષ્ટ્ર | 1.5 | 27.0 |
| 3 | તેલીબિયા | - | - | - |
| | મગફળી | ગુજરાત | 3.2 | 41.8 |
| | રાઈ | રાજસ્થાન | 3.7 | 46.5 |
| | સોયાબીન | મ.પ્રદેશ | 3.1 | 51.3 |
| 4 | રોકડિયા પાક | | | |
| | શેરડી | મહારાષ્ટ્ર | 50.6 | 14.4 |
| | કપાસ (રૂ) | ગુજરાત | 8.2 | 24.8 |
| | શણ | પ.બંગાળ | 7.9 | 75.1 |

***સ્રોત :*** Economic Survey 2017-18 Volume-2 (A38)

ભારત ખેત ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં બીજા ક્રમે આવતો દેશ છે ભારતમાં ઘઉં, ચોખા, શેરડી, કેટલાંક ડ્રાય ફ્રુટસ, ફળો, શાકભાજી વગેરેનું સવિશેષ ઉત્પાદન થાય છે.

ભારતમાં 60 ટકા થી વધારે રોજગારી ખેતીક્ષેત્રે ઉપલબ્ધ બની છે. ખેતીક્ષેત્ર ભારતનું મોટુ ક્ષેત્ર છે કે જણે GDP માં મહત્વનો હિસ્સો પ્રદાન કર્યો છે. 1965માં થયેલ હરિયાળી ક્રાંતિના પરિણામે સિંચાઈ, નવી ટેક્નોલોજી, શાખ-ધિરાણ, સબસીડી વગેરે... માં વધારો થયો છે. તેમજ ખેતીક્ષેત્રમાં ખુબ સારો એવો સુધારો થયો છે.

ભારતનો વિશ્વમાં શેરડીના ઉત્પાદનમાં બીજો ક્રમ, તમ્બાકુના ઉત્પાદનમાં ત્રીજો ક્રમ, તેમજ અમુક પ્રકારના ફળમાં પણ મહત્વનું સ્થાન ધરાવે છે.

ટૂંકમાં, પાકોમાં ભારતના કુલ ઉત્પાદનમાં તમામ રાજ્યોનું વિશેષ યોગદાન રહ્યું છે.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1 ભારતમાં પ્રાદેશિક અસમતુલાની દૃષ્ટિએ રાજ્યોને કયા કયા બે વર્ગોમાં વિભાજીત કરાયા છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

2 પશ્ચિમ બંગાળ અને ઉત્તર પ્રદેશમાં કયા પ્રકારના ખાદ્યાન્નનું વિશેષ ઉત્પાદન જોવા મળે છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**3. નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

3.1 કપાસના ઉત્પાદનમાં ............ રાજ્ય મોખરે છે.

3.2 શણના ઉત્પાદનમાં પશ્ચિમ બંગાળ ભારતમાં ........... ટકા ફાળો આપે છે.

3.3 શેરડીના ઉત્પાદનમાં ભારતનો વિશ્વમાં ......... મો ક્રમ છે.

3.4 GVA નું પુરુ નામ ............... છે.

## 13.9 જુદા-જુદા ક્ષેત્રોમાં રાજ્યોનો ફાળો (Performance of States in individual Sectors)

**ટેબલ 13.4** **સરેરાશ વૃદ્ધિદર**

**વર્ષ- (2013-16)**

| રાજ્ય | બાંધકામ | મેન્યુ ફેક્ચરીંગ | હોટેલ, વાહન-વ્યવહાર સંદેશા વ્યવહાર પ્રસારણ | જાહેર-સેવા આયોગ, અન્ય સેવાઓ | નાણાંકીય સેવાઓ, રીયલ એસ્ટેટ, વ્યવસાયિક સેવાઓ | વિજળી, ગેસ, પાણી પૂરવઠો અને અન્ય સેવા |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| ભારત | 3.2 | 7.4 | 8.9 | 5.8 | 10.7 | 4.7 |
| ગુજરાત | 4.4 | 15.2 | 8.7 | 8.0 | 8.4 | 6.4 |
| આંધ્રપ્રદેશ | 4.2 | -1.5 | 10.5 | 9.7 | 8.8 | 6.3 |
| તમીલનાડુ | 3.4 | 4.6 | 6.2 | 5.3 | 9.6 | - 0.1 |
| ઉત્તરપ્રદેશ | 3.0 | 2.3 | 9.8 | 6.3 | 6.8 | 6.9 |
| રાજસ્થાન | 3.0 | -3.1 | 9.3 | 9.0 | 9.1 | 6.0 |
| કેરાલા | 2.6 | 5.7 | 6.6 | 2.3 | 11.0 | 1.2 |
| ઝારખંડ | 2.4 | 7.2 | 12.8 | 6.2 | - | 1.2 |
| તેલંગાના | 2.3 | -3.5 | 10.8 | 8.0 | 10.9 | -4.2 |
| ઓડીસા | 2.1 | 7.9 | 10.4 | 6.2 | 7.3 | 6.0 |
| હરિયાણા | 1.9 | 9.7 | 10.1 | 8.3 | 11.6 | -4.7 |
| મધ્યપ્રદેશ | 1.9 | 2.9 | 9.6 | 7.7 | 9.0 | 8.5 |
| કર્ણાટક | 1.1 | 6.2 | 8.8 | 7.4 | 12.2 | 6.7 |
| છત્તીસગઢ | 1.0 | 16.7 | 11.0 | 7.3 | 5.5 | 16.7 |
| પંજાબ | 0.9 | 4.9 | 7.6 | 8.8 | 6.1 | 10.0 |
| મહારાષ્ટ્ર | 0.8 | 8.4 | 6.9 | 8.2 | 10.5 | 3.4 |
| બિહાર | -2.2 | 26.9 | 6.7 | 6.3 | 4.4 | 3.3 |

સ્રોત : CRISIL - Research - Insight - states - of growth Pdf

Note : GVA = Gross Value Added

ભારતમાં જુદા-જુદા ક્ષેત્રોમાં જે વિકાસ થયો છે. તેમાં વિવિધ રાજ્યોનો હિસ્સો જુદો-જુદો છે. ઉપરના ટેબલ પરથી કહી શકાય કે બાંધકામ ક્ષેત્રે ભારતનો શરેરાશ GVA વૃદ્ધિદર 3.2 ટકા જેટલો છે. જેમાં સૌથી વધુ ફાળો આપનાર રાજ્ય ગુજરાત (4.4 ટકા) અને આંધ્રપ્રદેશ (4.2 ટકા)નો છે.

એવી જ રીતે મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ભારતનો સરેરાશ GVA વૃદ્ધિદર 7.4 ટકા છે. જેમાં સૌથી વધુ ફાળો આપનાર રાજ્ય છત્તીસગઢ (16.7 ટતા) અને ગુજરાત (15.2 ટકા) નો છે.

ટુંકમાં, ઉપરોક્ત ટેબલમાં તમામ ક્ષેત્રોમાં જુદા - જુદા રાજ્યોનો ફાળો મહત્તમ રહ્યો છે. પરિણામે એમ કહી શકાય કે જુદા જુદા ક્ષેત્રે ભારતના જુદા જુદા રાજ્યો વિશેષ મહત્વ ધરાવે છે. ટૂંકમાં, દરેક રાજ્યોનો ઓછા વધતાં અંશે વિકાસ થયો છે.

## 13.10 મહત્વના છ રાજ્યો કે જેમનો ભારતની કુલ નિકાસોમાં 75 ટકા હિસ્સો : (Six States That Account for 75 Percent of India's Exports)

ભારતના આર્થિક સર્વેક્ષણ - 2018ના જણાવ્યા મુજબ રાજ્યોની વસ્તુઓ અને સેવાઓની નિકાસોના સંદર્ભમાં મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, તમીલનાડુ તેલંગાના અને હરિયાણા કે જે ભારત દેશની કુલ નિકાસોમાં 75 ટકા જેટલો હિસ્સો આપે છે.

**ટેબલ નં. 13.5**

**વસ્તુઓ અને સેવાઓની નિકાસોમાં રાજ્યોનો ફાળો (ટકામાં)**

**Share of State in Export of Goods and Services**

| રાજ્ય | હિસ્સો | સમગ્ર (Cumulative) |
|---|---|---|
| મહારાષ્ટ્ર | 22.3% | 22.3 |
| ગુજરાત | 17.2 | 39.5 |
| કર્ણાટક | 12.7 | 52.3 |
| તમીલનાડુ | 11.5 | 63.8 |
| તેલંગાના | 6.4 | 70.1 |
| હરિયાણા | 4.9 | 75.0 |
| ઉ.પ્રદેશ | 4.8 | 79.8 |
| પંજાબ | 1.7 | 93.2 |
| મધ્યપ્રદેશ | 1.3 | 96.1 |
| ગોવા | 0.9 | 97.0 |

સ્રોત : Survey calculations based on GST data

Note : Expart of Goods and Services enclude non GST exports

## 13.11 આંતરરાજ્ય વેપાર, નિકાસો-આયાતો અને ચોખ્ખી નિકાસો (Interstate Trade, Exports-Imports and Net Exparts)

વસ્તુઓ અને સેવાઓ પરના વેરાના સંદર્ભમાં આંતરીક વેપાર સંદર્ભે મહત્વના 6 રાજ્યો કે જે ભારતની કુલ નિકાસો અને આયાતોમાં હિસ્સો દર્શાવે છે.

**ટેબલ નં. 13.6**

**આંતરરાજ્ય વેપાર, નિકાસો-આયાતો અને ચોખ્ખી નિકાસો (ટકાવારી) (વર્ષ-2017-18)**

| રાજ્ય | નિકાસો | રાજ્ય | આયાતો | રાજ્ય | ચોખ્ખી નિકાસો |
|---|---|---|---|---|---|
| મહારાષ્ટ્ર | 15.7 | મહારાષ્ટ્ર | 13.7 | હરિયાણા | 26.1 |
| ગુજરાત | 11.3 | તમીલનાડૂ | 7.8 | ગુજરાત | 20.1 |
| હરિયાણા | 9.4 | ઉત્તરપ્રદેશ | 7.8 | ઓડિસા | 6.6 |
| તમીલનાડૂ | 8.4 | કર્ણાટક | 7.3 | મહારાષ્ટ્ર | 5.0 |
| કર્ણાટક | 7.0 | ગુજરાત | 7.1 | દિલ્હી | 2.6 |
| દિલ્હી | 6.0 | હરિયાણા | 6.9 | તમીલનાડુ | 2.2 |
| ઉ.પ્રદેશ | 5.6 | દિલ્હી | 5.7 | છત્તીસગઢ | 1.6 |
| પ.બંગાળ | 4.0 | પ.બંગાળ | 4.8 | ઝારખંડ | 0.3 |
| રાજસ્થાન | 3.8 | રાજસ્થાન | 4.7 | આંધ્રપ્રદેશ | -1.2 |
| આંધ્રપ્રદેશ | 3.6 | તેલંગાના | 4.7 | કર્ણાટક | -1.3 |
| પંજાબ | 3.2 | આંધ્રપ્રદેશ | 3.7 | પ.બંગાળ | -4.9 |
| તેલંગાના | 3.0 | પંજાબ | 3.7 | રાજસ્થાન | -5.7 |
| મધ્યપ્રદેશ | 2.4 | મધ્યપ્રદેશ | 3.6 | પંજાબ | -7.0 |
| ઓડિસા | 2.3 | કેરળ | 3.1 | ઉ.પ્રદેશ | -9.6 |
| ઝારખંડ | 1.8 | બિહાર | 2.0 | મ.પ્રદેશ | -10.4 |
| છત્તીસગઢ | 1.6 | ઓડિસ્સા | 1.9 | તેલંગાના | -14.7 |
| કેરળ | 0.8 | ઝારખંડ | 1.7 | કેરળ | -20.1 |
| બિહાર | 0.2 | છત્તિસગઢ | 1.6 | બિહાર | -23.6 |

સ્રોત : Survey calculations on based on GST Data

પાંચ રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત, હરિયાણા, તમીલનાડૂ અને કર્ણાટક કે જે ભારતની કુલ નિકાસોમાં મહત્વનો હિસ્સો પ્રદાન કરે છે.

પાંચ રાજ્યો મહારાષ્ટ્ર, તમીલનાડુ, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, અને ગુજરાત કે જે ભારતની કુલ આયોતોમાં વધારો દર્શાવે છે.

ઉપરોક્ત આંકડાઓ પરથી કહી શકાય કે કેટલાંક રાજ્યો કે જે દેશની નિકાસોમાં મહત્તમ હિસ્સો આપ્યો છે અને કેટલાંક રાજ્યો કે જેમની આયાતો વધારે હોવાથી વેપારમાં ખાદ્ય દર્શાવે છે.

**13.12 રાજ્યોનો ખેતી, ઔદ્યોગિક અને સેવાક્ષેત્રમાં ફાળો. (State's Contributions in Agriculture, Industrial and Services sector) Year - 2014-15**

**ટેબલ નં. 13.7** **(ટકાવારીમાં)**

| રાજ્ય | ખેતીક્ષેત્ર | ઔદ્યોગિક ક્ષેત્ર | સેવાક્ષેત્ર |
|---|---|---|---|
| ભારત | 16.28 | 22.41 | 61.29 |
| મહારાષ્ટ્ર | 11.23 | 20.9 | 61.34 |
| ઉત્તરપ્રદેશ | 25.43 | 14.15 | 60.43 |
| બિહાર | 19.99 | 4.9 | 75.11 |
| મ.પ્રદેશ | 35.66 | 13.57 | 50.77 |
| રાજસ્થાન | 27.74 | 19.03 | 53.23 |
| તમીલનાડુ | 12.22 | 27.42 | 66.88 |
| ગુજરાત | 18.34 | 34.89 | 46.77 |

સ્રોત : Reserve Bank of India Annual Report 2014-15

ઉપરોક્ત ટેબલ પરથી તારણ કાઢી શકાય કે ભારત ઉપરોક્ત રાજ્યોમાં સરેરાશ ત્રણેય ક્ષેત્રો કરતાં સૌ પ્રથમ આગળ પડતું ક્ષેત્ર એ સેવાક્ષેત્ર છે.

ભારતના માત્ર ત્રણ રાજ્યોમાં ભારતીય ઉદ્યોગોનું કેન્દ્રીકરણ થયેલું છે. 2001ની વસ્તી ગણતરી મુજબ મહારાષ્ટ્ર, ગુજરાત અને તમિલનાડુમાં ભારતની 20.4 ટકા વસ્તી છે. વર્ષ 2007-08માં કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં આ ત્રણ રાજ્યોનો ફાળો 44.3 ટકા હતો કુલ ઔદ્યોગિક મૂડી રોકાણમાં તેમનો હિસ્સો 43.2 ટકા હતો. અને કુલ ઔદ્યોગિક રોજગારીમાં તેમનો ફાળો 37.6 ટકા હતો.

ઉપરોક્ત ટેબલ નં.7 માં પણ ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત, તામીલનાડુ અને મહારાષ્ટ્રનો ફાળો અનુક્રમે 34.89 ટકા, 27.42 ટકા અને 20.9 ટકા રહ્યો છે. ટૂંકમાં અન્ય રાજ્યોની સરખામણીમાં તે સૌથી વધુ પ્રમાણ દર્શાવે છે.

ભારતની GDP માં ખેતીક્ષેત્રનો ફાળો વિશેષ રહ્યો છે. પંજાબ અને હરિયાણા જેવા સમૃદ્ધ રાજ્યનો ફાળો વિશેષ રહ્યો છે. જે ઉપરાંત ઉપરોક્ત ટેબલમાં દર્શાવ્યા મુજબ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોએ ખેતીક્ષેત્રે બહુ મોટું યોગદાન આપ્યું છે.

ભારતની રાષ્ટ્રીય આવક અથવા કુલ ઘરેલુ પેદાશમાં કૃષિક્ષેત્રનો ફાળો અતિ મહત્વનો છે. છેલ્લા દાયકાઓમાં આપણી રાષ્ટ્રીય આવકની સંરચનામાં એક મહત્વનો ફેરફાર એ થયો છે કે કુલ ઘરેલુ પેદાશમાં ખેતીક્ષેત્રનો સાપેક્ષ હિસ્સો ઘટવા પામ્યો છે. અને બિનકૃષિક્ષેત્રનો સાપેક્ષ હિસ્સો ઘટવા પામ્યો છે.

આયોજનની શરૂઆતમાં 1950-51માં આપણી રાષ્ટ્રીય આવકમાં ખેતીક્ષેત્રનો હિસ્સો 55.3 ટકા અને 1980-81માં ઘટીને 38 ટકા અને 2006-07માં તે ઘટીને 18.5 ટકા જેટલો થયો હતો. પરંતુ આમ છતા, આ ક્ષેત્ર ભારતના અર્થતંત્રમાં મહત્વનું સ્થાન ધરાવે છે કૃષિ વિકાસ દરમાં થતાં ફેરફારો સમગ્ર અર્થતંત્ર પર મહત્વની અસર નિપજાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો ( )**

1 ભારતની કુલ નિકાસોમાં મહત્તમ ફાળો આપતાં રાજ્યો ક્યા છે ? તે કેટલા ટકા ફાળો આપે છે ? (કોઈપણ છ રાજ્યો)

.................................................................

.................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

2 ભારતના કયા રાજ્યોએ સૌથી વધુ આયાતો કરી છે ? કેટલા ટકા ? (મહત્વના છ રાજ્યો જણાવો.)

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

3 વર્તમાનમાં ભારતમાં સૌથી વધુ હિસ્સો (GDP માં) કયા ક્ષેત્રનો છે ?

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

## 13 સારાંશ : (Abstract)

ભારતના આંતરિક વેપારમાં ખેતીનો ફાળો મહત્વનો છે. ઉપખંડ જેવા વિશાળદેશમાં ખેતીનો વ્યવસાય ગ્રામીણ ક્ષેત્રે પ્રસરેલો છે. જ્યારે ખેતપેદાશો ગામડાથી શહેરો સુધી પ્રસરેલી હોય છે. આ ઉપરાંત ભારતમાં પાકની તરેહમાં વિશિષ્ટીકરણ છે. જેમ કે પંજાબ, હરિયાણામાં મુખ્યત્વે ઘઉંનું ઉત્પાદન થાય છે. આંધ્ર પ્રદેશમાં ચોખાનું, પશ્ચિમ બંગાળમાં શણનું વગેરે.. ને લીધે પણ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં અને આપણા ભારત દેશ માંથી અન્ય દેશોમાં આ ખેતપેદાશની ફેરફેર કરવી પડે છે. જેને લીધે ભારતનાં અસંખ્ય લોકોને રોજગારી મળી રહે છે. અને માલ-સામાનની હેરફેરને પરીણામે વાહન વ્યવહાર ઉદ્યોગોને પણ મોટા પાયા પર કામગીરી મળી રહે છે.

આ ઉપરાંત ભારત જેવા વિકાસશીલ દેશોમાં રાજ્યોના વિકાસનો આધાર મોટાભાગે એની ભૌગોલિક સ્થિતિ પર રહેલો છે કાશ્મીર, આસામ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરપ્રદેશના પહાડી વિસ્તારો પછાત રહ્યા છે. કારણ કે અન્ય પ્રદેશો સાથે તેમનો સંપર્ક ઓછો રહ્યો છે. આબોહવા પણ મહત્વનો ભાગ ભજવે છે. કેટલાંક પ્રદેશોમાં પ્રતિકૂળ આબોહવાને લીધે ખેતીક્ષેત્ર પછાત રહે છે. કેટલાક વિસ્તારોમાં કે તેની આજુ બાજુ શ્રમ, કાચોમાલ, મૂડી વગેરે.. પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. અને તેથી ત્યાં ઉદ્યોગ કે વેપારની પ્રવૃત્તિઓ ઝડપથી વિકસે છે. ખાનગી ઉદ્યોગો હંમેશાં સુવિકસિત વિસ્તારોમાં જ કેન્દ્રિત થવાનું વલણ ધરાવતાં હોય છે. સુવિક્સિત વિસ્તારોમાં તેમને ઉત્પાદન તથા વેપાર માટે જરૂરી સગવડો સહેલાઈથી મળી જાય છે. અને વેપારમાં વધારો/વિકાસ થઈ શકે છે.

આ ઉપરાંત ભારતમાં માળખાકીય સવલતો તથા આર્થિક અને સામાજિક સેવાઓનો નોંધપાત્ર વિકાસ થયો છે. ઉ.દા. તરીકે, વાહન-વ્યવહાર અને સંદેશા વ્યવહાર, વીજળી, સિંચાઈ, શિક્ષણ, કેળવણી, તાલીમ સંશોધન, બેંન્કિંગ સેવાઓ, જાહેર આયોગ સેવાઓ, આરોગ્યની સેવાઓ, રહેઠાણ, કુટુંબનિયોજન સમાજ કલ્યાણની વિવિધ યોજનાઓ વગેરે.. ક્ષેત્રોમાં સારી એવી પ્રગતિ હાંસલ કરી

શકાઈ છે. આમ, વિકાસ માટેની પાયાની સવલતોનું એક સુદૃઢ માળખું દેશમાં ઊભુ થવા પામ્યું છે. ટૂંકમાં સેવાક્ષેત્રનો વિકાસ થયો છે. જે વિશે અગાઉ (ટેબલ નં.137) પણ માહિતી મેળવી છે. ટૂંકમાં, આંતરિક વેપારમાં ખેતીક્ષેત્ર, ઉદ્યોગક્ષેત્ર ઉપરાંત સેવાક્ષેત્રનો હિસ્સો પણ વિશેષ નોંધપાત્ર રહ્યો છે.

## 13.14 ચાવીરૂપ શબ્દો : (Key Words)

**વિનિમય : (Exchange)**

"એક વસ્તુના બદલામાં બીજી વસ્તુ આપવી કે લેવી એટલે વિનિમય"

**વિનિમય દર : (Exchange rate)**

"એક દેશના ચલણના મૂલ્યના સમક્ષ કોઈ બીજા દેશના ચલણનું મૂલ્ય એટલે વિનિમય દર" (દા.ત., 1 ડોલર = 67 રૂ.)

**આયાત : (Import)**

"વિદેશ (પરદેશ)માંથી વસ્તુ-સેવા સ્વદેશ (પોતાના દેશમાં) મંગાવવી એટલે આયાત" (Import)

**નિકાસ : (Export)**

"સ્વદેશમાંથી વસ્તુ-સેવા વિદેશમાં મોકલવી એટલે નિકાસ" (Export)

**જકાત : (Custom)**

આયાતો પર લાગતા વેરા (કરવેરા) એટલે જકાત" (Custom)

- ઉત્પાદનના સાધનો : (Factors of Production)

  ભૂમિ, મૂડિ, શ્રમ અને નિયોજક આ ચાર ઉત્પાદનના મર્યાદિત સાધનો કહેવાય.

- GDP :

  Gross Domestic Production - દેશની કાચી ગૃહ, પેદાશ (ઘરેલુ ઉત્પાદન)

## 13.15 સંદર્ભ પુસ્તકો :


1. ધંધાકીય પર્યાવરણ અને આર્થિક નીતિઓ-2, બી.એસ.શાહ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ - 2013-14, પાના નં.59-73.
2. હસમુખરાય કે ત્રિવેદી, આંતરરાષ્ટ્રીય વ્યાપારના સિદ્ધાંત, ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત યુનિ., અમદાવાદ, પ્રથમ આવૃત્તી, પાના નં. 1-5.
3. ડૉ.રાકેશ એ જોશી, આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ, માર્ચ-2004
4. પ્રિ.આર.સી.જોશી, ભારતની આર્થિક સમસ્યાઓ, ન્યૂ પોપ્યુલર પ્રકાશન, સૂરત, પાંચમી આવૃત્તિ-2007-08.
5. Economic Survey - Government of India
6. CRISIL - Research - Insight - states of growthpdf
7. International Trade, Tenth five year Plan-2002-07
8. http : // www.walkthroughindia.com
9. http : // www.bankexamstoday.com
10. http : // www.indianexpress.com
11. http : // en.wikipedia.org/wiki/foreign trade of india
12. India's Economic Development : Role of States.

## 13.16 તમારી પ્રગતિ ચકાસો ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1 13.1 અને 13.2 અને 13.2 નો પેટા વિભાગ વાંચો

2 13.2 નો પેટા વિભાગ વાંચો.

3 13.1 વિભાગ વાંચો (લક્ષણો એ જ લાભ છે.)

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1 વિભાગ 13.6 ની ટેબલની સમજૂતી વાંચો.

2 વિભાગ 13.8 વાંચો.

3 3.1 વિભાગ 13.8 વાંચો

3.2 વિભાગ 13.8 જોવો

3.3 વિભાગ 13.8 જોવો

3.4 વિભાગ 13.9 જોવો

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

1 વિભાગ 13.11 વાંચો.

2 વિભાગ 13.11 વાંચો.

3 વિભાગ 13.12 વાંચો.

# એકમ 14 ભારતનો આંતરરાષ્ટ્રીય (વિદેશ) વેપાર

## : રૂપરેખા :

**14.1** ઉદ્દેશો

**14.2** પ્રસ્તાવના

**14.3** આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપારનો ખ્યાલ

**14.4** ભારતના વિદેશ વેપારનું કદ (પ્રમાણ) (આંતરરાષ્ટ્રીય વેપારનું કદ)

- **14.4.1** કુલ આયાતોમાં વધારો
- **14.4.2** કુલ નિકાસોમાં વધારો
- **14.4.3** કુલ વિદેશ વેપાર
- **14.4.4** વેપારતુલા

**14.5** ભારતના વિદેશ વેપારનું સ્વરૂપ (આંતરરાષ્ટ્રીય વેપારનું સ્વરૂપ)

- **14.5.1** ભારતની આયાતોનું સ્વરૂપ (ભાળખું)
- **14.5.2** ભારતની નિકાસોનું સ્વરૂપ (ભાળખું)

**14.6** ભારતના વિદેશવેપારની દિશા (આંતરરાષ્ટ્રીય વેપારની દિશા)

- **14.6.1** આયાત વેપારની દિશા અને તેમાં થયેલા ફેરફારો
- **14.6.2** નિકાસવેપારની દિશા અને તેમાં થયેલા ફેરફારો
- **14.6.3** વેપારક્ષેત્રે ભારતના ત્રણ સૌથી મોટા ભાગીદાર દેશ.

**14.7** વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો

**14.8** ભારતની કુલ ઘરેલું પેદાશમાં વેપારનો હિસ્સો

**14.9** સારાંશ

**14.10** ચાવીરૂપ શબ્દો

**14.11** ટૂંકાકારો

**14.12** કેટલાંક ઉપયોગી પુસ્તકો

**14.13** 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

## 14.0 ઉદ્દેશો : Objectives

આ એકમનાં અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતોથી માહિતગાર બની શકશો.

- ભારતમાં કઈ વસ્તુઓ અને સેવાઓની આયાત તથા નિકાસ થાય છે તે અંગે માહિતી મળશે.
- ભારતમાં આયોજનના સમય દરમિયાન વિદેશવેપારના કદ, દિશા અને સ્વરૂપમાં કેવા ફેરફારો થયા છે. તેની સમજૂતી મળશે.
- વિશ્વના કુલ વેપારમાં ભારતનો હિસ્સો કેટલો છે તેની માહિતી મળી શકશે.
- અન્ય વિકાસશીલ દેશો કરતાં ભારતનો વિશ્વ વેપારમાં ફાળો શા માટે નીચો છે તે અંગેની માહિતી મળી શકશે.

## 14.1 પ્રસ્તાવના : [Introduction]

ભારત દેશની તથા દરેક દેશની ભૌગોલિક હદ નિર્ધારીત હોય છે. દેશની હદ બહાર જવા અને આવવા પર કેટલાંક કાયદાકીય નિયંત્રણો કે પ્રતિબંધો હોય છે. પરંતુ કોઈપણ દેશનો ઝડપી આર્થિક વિકાસ થાય તે માટે દેશની હદ બહારથી વસ્તુઓ અને સેવાઓ પોતાના દેશમાં લાવવામાં આવે છે અને દેશમાંથી અમુક વસ્તુઓ અને સેવાઓ બીજા દેશમાં મોકલવામાં આવે છે જેને આંતરરાષ્ટ્રીય વેપાર કે વિદેશ વેપાર કહે છે.

ભારત આંતરરાષ્ટ્રીય વેપાર વિષયક ભવ્ય ભૂતકાળ ધરાવે છે. છેક પ્રાચીનકાળથી લઈને પંદરમી સદીના અંત સુધી ભારતે આંતરરાષ્ટ્રીય વેપારના ક્ષેત્રે તેનું ગૌરવવંતુ સ્થાન જાળવી રાખ્યું હતું. ભારતનો આધુનિક વિદેશ વેપાર 19મી સદીના મધ્યભાગથી શરૂ થયેલો, 1870 પછી એટલે કે સુએઝ નહેરની રચના પછી આ વેપાર મક્કમ ગતિએ અને સ્થિરતાપૂર્વક આગળ વધ્યો હતો. સ્વતંત્રતા પહેલાં ભારતની ગણના વિશ્વના વ્યાપારી દેશ તરીકે થતી હતી. ભારતની વસ્તુઓની વિશ્વના દેશોમાં મોટા પ્રમાણમાં નિકાસો થતી હતી અને વિશ્વની સમૃદ્ધિ ભારતમાં ઠલવાતી હતી 20 મી સદીના શરૂઆતનાં વર્ષો સુધી ભારતના આંતરરાષ્ટ્રીય વેપારમાં ઈંગ્લેન્ડનું મુખ્ય સ્થાન હતું. આ સમયે ભારતના વિદેશ વેપારનું સ્વરૂપ બ્રિટિશરોને વધુ લાભ થાય તે પ્રકારનું હતું. તે સમયે ઈંગ્લેન્ડ ઉદ્યોગીકરણ પ્રાપ્ત કરનારો સૌપ્રથમ દેશ બન્યો હતો. તેનું સ્થાનિક બજાર ખૂબ નાનું હતું. જેથી તેને પોતાની વસ્તુઓ વેચવા માટે મોટા બજારની જરૂરિયાત હતી. આ ઉપરાંત કાચોમાલ સસ્તા દરે મેળવવા માટે પણ બજારની જરૂર હતી. આ સમયે ભારત ઉપર બ્રિટિશ શાસન હતું. જેથી ભારતમાંથી કાચોમાલ સસ્તાદરે મેળવી પોતાનાં બજારમાં તેને મોકલી ત્યાં તૈયારમાલમાં રૂપાંતર કરી પછી ભારતના બજારમાં ઊંચી કિંમતે તેની નિકાસ કરવામાં આવતી હતી. પરિણામે ઈંગ્લેન્ડને મળતો નફો વધ્યો. જેથી ભારતના નાના અને ગૃહ ઉદ્યોગો પડી ભાંગ્યા. આઝાદી મળતાં જ દેશમાં મુક્ત વેપારનો ખ્યાલ સ્વીકારાયો. આ ઉપરાંત મુક્તવેપાર અને તુલનાત્મક ખર્ચલાભ વિશ્લેષણના સિદ્ધાંતોએ સંસ્થાનવાદી નીતિઓને સમર્થન આપ્યું હતું. જેને લીધે ભારત અને બ્રિટન સહિતના બાકીના વિશ્વ વચ્ચેના વેપારપ્રવાહની દિશા અને સ્વરૂપને અસર થઈ હતી.

આપણે હવે ભારતમાંથી કઈ વસ્તુઓની નિકાસ થાય છે, કઈ વસ્તુઓની આયાત કરવામાં આવે છે, આયાત અને નિકાસનું પ્રમાણ કેટલું છે, તેના સ્વરૂપ અને દિશામાં કેવાં પરિવર્તનો થાય છે. તેનો ખ્યાલ મેળવીશું આ ઉપરાંત વિશ્વના અન્ય વિકાસશીલ દેશોની તુલનામાં વિશ્વવેપારમાં ભારત હજુ પણ પાછળ છે તે અંગેની માહિતી પણ મેળવીશું.

## 14.2 આંતરરાષ્ટ્રીય વ્યાપારનો ખ્યાલ : [Concept of International Trade]

### 14.2.1 આંતર પ્રાદેશિક વેપાર :- Internal Trade / Domestic Trade

"એક જ રાષ્ટ્રમાં આવેલા જુદા જુદા પ્રદેશો વચ્ચેના વેપારને 'આંતરિક વેપાર' અથવા 'આંતર પ્રાદેશિક વેપાર' કહે છે."

દા.ત., ગુજરાત અને ઉત્તરપ્રદેશ વચ્ચેનો વેપાર

### 14.2.2 આંતર રાષ્ટ્રીય વેપાર :- International Trade / Foreign Trade

"બે જુદા જુદા દેશો (રાષ્ટ્રો) વચ્ચે થતા વેપારને આંતરરાષ્ટ્રીય વેપાર કહે છે" જેને વિદેશ વેપાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

દા.ત., ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર

### 14.2.3 આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચેનો તફાવત

**[Difference between Internal and International Trade]**

આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર નીચેની બાબતોમાં ભિન્નતા ધરાવે છે.

(i) ચલણ વ્યવસ્થામાં તફાવત

(ii) ઉત્પાદનના સાધનોની ગતિશીલતામાં તફાવત

(iii) વિભિન્ન બજારો

(iv) આર્થિક નીતિમાં તફાવતો

(v) ઉત્પાદન સાધનોની અસમાન વહેંચણી

(vi) વ્યાપારનીતિના તફાવતો.

આમ, આંતરિક વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપાર અનેક રીતે એકબીજાથી જુદો પડે છે. ટૂંકમાં, આંતરિક વેપાર એ આપણી વચ્ચેનો વેપાર છે, જ્યારે આંતરરાષ્ટ્રીય વેપાર એ આપણી અને તેમની વચ્ચેનો વેપાર છે.

## 14.3 આંતરરાષ્ટ્રીય વેપારનું મહત્વ : Important of International Trade

આંતરરાષ્ટ્રીય વેપારને આર્થિક વિકાસના એક એન્જિન [engine of economic growth] તરીકે ઓળખવામાં આવે છે. વિદેશ વેપારનું કદ અને તેનું બંધારણ તેમજ તેની વેપારની શરતો એ દેશના આર્થિક વિકાસના સ્વરૂપ અને વિકાસના સ્તરને નિર્ણાયક રીતે અસર કરે છે. વિશ્વના વિવિધ દેશોના આર્થિક ઈતિહાસનો અભ્યાસ કરતાં જણાય છે કે વિદેશ વેપારે ઘણાબધા દેશોના આર્થિક વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે.

દા.ત; બ્રિટનની ઔદ્યગિક ક્રાંતિ અને આજે વિશ્વની એક મહાન સત્તા તરીકેનું જે સ્થાન ધરાવે છે તે તેના બહોળા વિદેશ વેપારને આભારી છે. એજ રીતે અમેરિકા, ફ્રાન્સ, જર્મની, જાપાન જેવા દેશોના ઝડપી આર્થિક વિકાસમાં વિદેશ વેપારની મહત્વની ભૂમિકા રહી છે. આમ, વિદેશ વેપાર અને આર્થિક વિકાસ એક બીજાના પૂરક છે.

આંતરરાષ્ટ્રીય વેપારનું મહત્વ સમજાવતાં પ્રો.એડમ સ્મિથ જણાવે છે કે :- ''વિદેશ વેપાર આર્થિક આબાદીના દ્વાર ખુલ્લાં કરે છે.''

પ્રો.જહોન સ્ટુઅર્ટ :- ''આંતરરાષ્ટ્રીય વેપાર વિશ્વનાં ઉત્પાદક પરિબળોનો વધારે કાર્યક્ષમ ઉપયોગ કરે છે.''

- **ભારતના વિદેશ વેપારનું કદ, સ્વરૂપ અને દિશા (Size, Nature and Direction of India's Foreign Trade)**

કોઈપણ દેશનાં વેપારનાં વલણો જાણવા, તેના વેપાર અંગેનો વિકાસ જાણવા, આંતરરાષ્ટ્રીય ધોરણે દેશના વેપાર માટેના પ્રયાસો સમજવા અને દેશના અન્ય દેશો સાથેના સંબંધો સમજવા તેમજ દેશના ઘરેલું ઉત્પાદનની આંતરરાષ્ટ્રીય ધોરણે ગુણવત્તા અને હરીફાઈ ક્ષમતા તપાસવા માટે વિદેશવેપારનું કદ, દિશા અને સ્વરૂપ જાણવું જરૂરી છે. આયોજનના સમય દરમિયાન તેમાં કેવા ફેરફારો થયા છે, તે આપણે આ વિભાગમાં જોઈશું.

## 14.4 ભારતના વિદેશ વેપારનું કદ (પ્રમાણ) Size of India's Foreign Trade

ભારતના વિદેશવેપારના કદમાં કુલ નિકાસકમાણી અને કુલ આયાતી ખર્ચનો વિચાર કરવામાં આવે છે. આમ, વિદેશ વેપારનું કદ એટલે આયાત અને નિકાસ થતી ભૌતિક વસ્તુઓનું કુલ મૂલ્ય (કુલ જથ્થો) ભારતના વિદેશ વેપારનું પ્રમાણ સતત વધતું જ રહ્યું છે. ભારતના વિદેશ વેપારના પ્રમાણનું વિશ્લેષણ કરવામાં સરળતા રહે તે માટે ભારતના વિદેશ વેપારનું પ્રમાણ જાણવું જરૂરી છે જે નીચેના કોઠા ઉપરથી સમજી શકાય છે.

**કોઠા નં.14.1**

**ભારતના વિદેશ વેપારનું કદ (પ્રમાણ)**

| વર્ષ | નિકાસો (કરોડ રૂ.માં) | આયાતો (કરોડ રૂ.માં) | કુલવેપાર (કરોડ રૂ.માં) | વેપારતુલાએ (કરોડ રૂ.માં) |
|---|---|---|---|---|
| 1950-51 | 606 | 608 | 1,214 | -2 |
| 1960-61 | 642 | 1,122 | 1,764 | -480 |
| 1970-71 | 1,535 | 1,634 | 3,169 | -99 |
| 1980-81 | 6,711 | 12,549 | 19,260 | -5,838 |
| 1990-91 | 32,553 | 43,198 | 75,751 | -10,645 |
| 2000-01 | 2,03,571 | 2,30,873 | 4,34,444 | -27,302 |
| 2010-11 | 11,42,922 | 1683467 | 28,26,389 | -540545 |
| 2011-12 | 14,65,959 | 23,45,463 | 38,11,422 | –8,79,504 |
| 2012-13 | 16,34,319 | 26,69,162 | 43,03,481 | –10,34,843 |
| 2013-14 | 18,94,182 | 27,14,182 | 46,08,364 | –8,20,000 |
| 2014-15 | 18,96,348 | 27,37,086 | 46,33,434 | –8,40,738 |
| 2015-16 | 17,16,378 | 24,90,298 | 42,06,676 | –7,73,920 |
| 2016-17 | 18,41,314 | 25,50,926 | 43,92,240 | –7,09,612 |
| 2017-18 | 19,52,162 | 29,62,897 | 49,15,015 | –10,10,728 |

નોંધ : વર્ષ ૨૦૧૭-૧૮ ના આંકડા કામચલાઉ છે.

Source : Economic survey - 2015-16, 2017-18

વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૭-૧૮ દરમિયાન ભારતની નિકાસ કમાણી કરતાં આયાતી ખર્ચ ઊંચુ જોવા મળે છે. કુલ વિદેશ વેપાર સતત વધતો જાય છે. પરંતુ વેપારતુલામાં ખાદ્ય પણ વધતી જાય છે. ઝડપી ઔદ્યોગિકરણ અને આર્થિક વિકાસના ઊંચા દર માટે આયાતી ખર્ચ વધતું હોવાથી વેપારતુલામાં ખાદ્ય પ્રવર્તે છે.

**કોઠા નં.14.2**

**Changes in the volume of foreign Trade**

**ભારતના વિદેશ વેપારના કદમાં થયેલા ફેરફારો (કરોડ રૂ. માં)**

| વર્ષ | આયાતો | નિકાસો | કુલવેપાર | વેપારતુલાએ |
|---|---|---|---|---|
| 1950-51 | 651 | 601 | 1252 | -50 |
| 1990-91 | 43193 | 32558 | 75751 | -10635 |
| 2009-10 | 13,18,188 | 8,35,264 | 21,53,452 | -482924 |
| 2016-17 | 25,50,926 | 18,41,314 | 43,92,240 | -7,09,612 |

Source : Economic survey - varios years

ઉપરના કોઠા ઉપરથી નીચે મુજબ વિશ્લેષણ કરી શકાય.

**14.4.1 કુલ આયાતોમાં વધારો : Increase in total imports.**

ભારતની કુલ આયાતો 1950-51માં 651 કરોડ રૂ. જેટલી હતી તે વધીને 2016-17માં 25,50,926 કરોડ રૂ. થઈ હતી. આમ, આ સમય દરમિયાન આયાતોમાં ઝડપી વધારો થયો છે. જેમ જેમ ભારતમાં વિકાસ વધતો ગયો તેમ તેમ મોટા ઉદ્યોગોને ટકાવવા, નિભાવવા અને ફેલાવવા માટેની આયાતો વધતી ગઈ છે.

#### 14.4.2 કુલ નિકાસોમાં વધારો : Increase in total exports

ભારતની કુલ નિકાસો 1950-51માં 601 કરોડ રૂ. ની હતી જે વધીને 2016-17માં 18,41,314 કરોડ રૂ. જેટલી થઈ છે. આમ, આ સમય દરમિયાન નિકાસોમાં ઝડપી વધારો થયો છે. વૈશ્વિકરણના સમયમાં હરીફાઈમાં ટકવામાટે ટેક્નોલોજી, પેટ્રોલ વગેરેની આયાતો ઊંચી રહી પરંતુ નિકાસો પણ સારા પ્રમાણમાં વધી.

#### 14.4.3 કુલ વિદેશ વેપાર : Total Foreign Trade

ભારતના કુલ વિદેશ વેપારનું પ્રમાણ સતત વધતું રહ્યું છે. 1950-51 માં કુલ વિદેશ વેપાર 1252 કરોડ રૂ. જેટલો હતો જે વધીને 2016-17માં 43,92,240 કરોડ રૂ. થયો છે. આમ, આ સમયગાળા દરમિયાન આયાતો અને નિકાસો બંનેનું પ્રમાણ સતત વધતાં કુલ વિદેશ વેપારનું પ્રમાણ વધવા પામ્યું છે.

#### 14.4.4 વેપારતુલા : Balance of trade

ભારતના કુલ વિદેશ વેપારમાં આયાતોનું પ્રમાણ સતત વધ્યું છે, નિકાસોનું પ્રમાણ પણ સતત વધ્યું છે. છતાં એકાદ-બે વર્ષોને બાદ કરતાં નિકાસો કરતાં આયાતોનું પ્રમાણ વધુ રહેવા પામ્યું છે. જેથી આયોજનકાળ દરમિયાન દેશની વ્યાપાર તુલા સતત ખાદ્ય વાળી રહી છે. આ માટે આયાતખર્ચમાં થયેલી ઝડપી વૃદ્ધિ, નિકાસોમાં મંદ ગતિથી થતો વધારો અને સતત વધતું પેટ્રોલિયમ પેદાશોનું આયાતખર્ચ જવાબદાર છે. 1950-51માં દેશમાં વેપારખાદ્ય 50 કરોડ રૂ. જેટલી હતી જે વધીને 2016-17માં 7,09,612 કરોડ રૂ. જેટલી થઈ છે.

[Nature of Foreign Trade of India Composition]

### 14.5 ભારતના વિદેશ વેપારનું સ્વરૂપ (ભાળખું / બંધારણ)

કોઈપણ દેશના વિદેશ વેપારના સ્વરૂપ કે માળખામાં આપણે તે દેશની આયાત અને નિકાસના માળખામાં આવેલા ફેરફારોનો અભ્યાસ કરીએ છીએ. ભારતના વિદેશ વેપારનું સ્વરૂપ તપાસતા જણાય છે કે ભારત જે 1951માં ઓછા વિકસીત દેશ તરીકે ઓળખાતો હતો તે અત્યારે ઝડપથી વિકસતા દેશ તરીકે ઓળખ પામ્યો છે. કોઈપણ દેશની આર્થિક વિકાસની કક્ષા જાણવામાં તે દેશના વિદેશ વેપારનું સ્વરૂપ ઉપયોગી પુરવાર થાય છે.

"વિદેશ વેપારના સ્વરૂપમાં દેશમાં આયાત થતી અને નિકાસ થતી વસ્તુઓનો સમાવેશ થાય છે."

કોઈપણ દેશની નિકાસો પરથી એવું કહી શકાય કે દેશમાં કઈ વસ્તુ પૂરતા પ્રમાણમાં પ્રાપ્ય છે તે પૈકી કેટલી વસ્તુઓ કયા દેશમાં નિકાસ કરવાની છે તે જ રીતે દેશની આયાતો પરથી કઈ વસ્તુઓની દેશમાં અછત છે અને તે વસ્તુ કયા દેશ માંથી કેટલા પ્રમાણમાં પ્રાપ્ય થઈ શકે તેમ છે. દેશ જેમ જેમ વિકાસ કરતો જાય છે તેમ તેમ તેની નિકાસો અને આયાતોના સ્વરૂપમાં પરિવર્તન આવતું જાય છે.

ભારતના વિદેશ વેપારના સ્વરૂપમાં નીચેની બે બાબતોનો સમાવેશ થાય છે.

**14.5.1 ભારતની આયાતોનું સ્વરૂપ (માળખું) - Nature of Imports of India**

**14.5.2 ભારતની નિકાસોનું સ્વરૂપ (માળખું) - Nature of Exports of India**

**કોઠા નં.14.3.1**

**[Composition of Indian Imports]**

**ભારતનું આયાત માળખું (1950-51 થી 1990-91)**

**(સ્વરૂપ)**

**આયાતી વસ્તુઓનું ટકાવારી પ્રમાણ**

| આયાતોનું સ્વરૂપ | 1950-51 | 1960-61 | 1970-71 | 1980-81 | 1990-91 |
|---|---|---|---|---|---|
| વપરાશી વસ્તુઓ | 26.2 | 23.9 | 13.0 | | 3.5 |
| કાચોમાલ અને અર્ધ તૈયારમાલ | 53.6 | 46.6 | 54.6 | | 77.8 |
| મુડીગત વસ્તુઓ | 20.2 | 29.5 | 24.7 | | 18.7 |
| **કુલ આયાતો** | **100** | **100** | **100** | | **100** |

Source : Economic Survey - various years

**કોઠા નં.14.3.2**

**આયાતી વસ્તુઓનું ટકાવારી પ્રમાણ (૨૦૧૦-૧૧ થી ૨૦૧૬-૧૭)**

| આયાતોનું સ્વરૂપ | 2010-11 | 2011-12 | 2012-13 | 2013-14 | 2014-15 | 2015-16 | 2016-17 |
|---|---|---|---|---|---|---|---|
| વપરાશી વસ્તુઓ | 2.9 | 3.0 | 3.4 | 3.2 | 3.9 | 5.1 | 5.6 |
| કાચોમાલ અને અર્ધ તૈયારમાલ | 83.3 | 83.4 | 83.8 | 84.7 | 84.4 | 81.9 | 80.8 |
| મુડીગત વસ્તુઓ | 13.8 | 13.6 | 12.8 | 12.1 | 11.7 | 13.0 | 13.6 |
| **કુલ આયાતો** | **100** | **100** | **100** | **100** | **100** | **100** | **100** |

Source : Economic Survey - various years

૧૯૯૧ બાદ ઉદારીકરણની નીતિને લીધે વપરાશી વસ્તુઓની આયાતો જે ૧૯૫૧ થી ૧૯૯૦-૯૧ સુધી ઘટતી જતી હતી તે ૧૯૯૦-૯૧ બાદ થોડીક વધતી જતી જોવા મળે છે. જ્યારે મૂડીગત વસ્તુઓનું પ્રમાણ ઘટતું જાય છે અને કાચોમાલ તથા અર્ધતૈયાર માલનું પ્રમાણ વધતું જાય છે.

**નોંધ :** ૧૯૯૧ ની ઉદારીકરણની નીતિ બાદ આયાતી વસ્તુઓનું સ્વરૂપ બદલાયું છે જેથી વસ્તુઓના જૂથનું વર્ગીકરણ પણ બદલેલ છે જેની વિગતો કોઠા નં. ૧૪.૪ માં આપેલી છે. જેમાં ૨૦૧૨-૧૩ થી ૨૦૧૬-૧૭ ની માહિતી છે.

ભારત સરકાર આયાત નિયમનનાં માધ્યમ દ્વારા આયાતોનું સંચાલન કરે છે. ભારતની આયાતોને ત્રણ વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

(i) વપરાશી વસ્તુઓ

(ii) કાચોમાલ અને અર્ધતૈયાર માલની વસ્તુઓ

(iii) મૂડીગત વસ્તુઓ

**(i) વપરાશી વસ્તુઓની આયાતો : Imports of consumer goods.**

આ પ્રકારની વસ્તુઓ એવી છે કે જ્યારે કોઈપણ કારણસર વપરાશી વસ્તુઓની અર્થતંત્રમાં અછત સર્જાય ત્યારે તેની આયાત કરવાની જરૂર જણાય છે. આઝાદી બાદ 1950-51માં તેની આયાતનું

પ્રમાણ 26.2% જેટલું હતું તે 1990-91માં ઘટીને 3.5% થયું છે. (જુઓ કોઠા નં.14.3) હરિયાળી ક્રાંતિને લીધે વિપુલ ખાદ્યપ્રદેશોનું ઉત્પાદન થવાથી વપરાશી વસ્તુઓની આયાતોમાં ઘરખમ ઘટાડો નોંધાયેલો છે. આમ, વપરાશી વસ્તુઓની આયાતોમાં થયેલો ઘટાડો આર્થિક વિકાસની સારી નિશાની સૂચવે છે.

**(ii) કાચોમાલ અને અર્ધતૈયાર માલની વસ્તુઓ : Raw Materials and inter materials goods.**

ભારતમાં 1950-51 માં કુલ આયાતોમાં સૌથી વધુ આયાતોનું પ્રમાણ કાચોમાલ અને અર્ધતૈયાર માલની વસ્તુઓનું હતું. જે લગભગ 53.6% જેટલું હતું. ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસ અને સંવર્ધનમાં આ પ્રકારની આયાતો મહત્વની ભૂમિકા ભજવે છે. જેથી ત્યારબાદના વર્ષોમાં પણ તેમાં સતત વધારો થતો ગયો છે. જે 1990-91માં વધીને 77.8% જેટલો થયો છે. (જુઓ કોઠા નં.14.3)

(iii) મૂડીગત વસ્તુઓની આયાતો : Imports of Capital Goods :

મૂડીગત વસ્તુઓની આયાતોમાં યંત્રો, મશીનરી તથા અન્ય પ્રકારના સાધનોનો સમાવેશ થાય છે. ભારતમાં 1955-56 થી 1965-66 ના સમયમાં ઔદ્યોગિક વિકાસની શરૂઆત કરવામાં આવી. જેથી દેશમાં જેમજેમ ઔદ્યોગિક વિકાસ થતો ગયો તેમ તેમ મૂડીગત વસ્તુઓની માંગમાં પણ વધારો થતો ગયો છે. 1950-51માં મૂડીગત વસ્તુઓની આયાતો 20.2% જેટલી હતી તે 1970-71માં 24.7% અને 1990-91માં 18.7% જેટલી થઈ છે. (જુઓ કોઠા નં 14.3)

આમ, ભારતમાં કુલ આયાતોમાં સૌથી વધુ હિસ્સો કાચોમાલ અને અર્ધતૈયાર માલનો છે પછી મૂડીગત વસ્તુઓ અને સૌથી ઓછું પ્રમાણ વપરાશી વસ્તુઓનું છે.

**ભારતના આયાતવેપારના બંધારણમાં થયેલા ફેરફારો**

**Changes in the composition of India's import Trade**

આયોજન પહેલાં અને પ્રથમ પચવર્ષીય યોજના દરમિયાન ભારતની મુખ્ય આયાતો અનાજ, વપરાશી ચીજવસ્તુઓ વગેરેની હતી. જ્યારે મૂડીનાં સાધનો, યંત્રસામગ્રી, ઔદ્યોગિક કાચોમાલ વગેરેની આયાતોનું પ્રમાણ ઘણું ઓછું હતું. બીજી યોજનાથી ઝડપી ઔદ્યોગિકરણ તથા ભારે અને પાયાના ઉદ્યોગોને ખાસ મહત્વ અપાયું હોવાથી મૂડીના સાધનો અને યંત્રસામગ્રી વગેરેની આયાતો મહત્વની બની ત્રીજી યોજનાથી સંરક્ષણને લગતી આયાતો અને નિભાવ અથવા જાળવણી માટેની આયાતો પણ મહત્વની બની અને ત્યારપછીના વર્ષોમાં ખનીજતેલ, ખાતર, ખાદ્યતેલો વગેરેની આયાતોમાં પણ ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે.

1991માં ઉદારીકરણની નીતિ અપનાવ્યા બાદ ભારતમાં આયાતોના બંધારણમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. ભારતની આયાતોમાં અનાજ અને ખેતી લક્ષી આયાતો ખૂબ ઓછી થઈ અને મૂડી આયાતો પણ ઓછી થઈ. 1961 માં ખાદ્યવસ્તુઓની આયાતો કુલ વસ્તુ આયાતોમાં 19.1 ટકાનો હિસ્સો ધરાવતી હતી તે 2014-15માં ઘટીને ફક્ત 3.9 ટકા થયો. મૂડી આયાતોનો હિસ્સો 1961માં 31.7 ટકા હતો જે 2014-15 માં ઘટીને ફક્ત 3.9 ટકા હતો જે 2014-15 માં ઘટીને 9.8 ટકા થયો છે. જ્યારે નવીન આયાતોનું પ્રમાણ અનેકગણું વધ્યું છે. જેનું પ્રમાણ 1960-61 માં 2.2 ટકા હતું તે વધીને 2014-15માં 46.5 ટકા થયું છે. સમગ્ર ચર્ચાને આધારે કહી શકાય કે ભારતે અનાજ અને ખાદ્યવસ્તુઓની બાબતમાં સ્વાવલંબન મેળવ્યું છે. વિકાસ વધતા મૂડી અને મૂડીજન્ય વસ્તુઓનું ઉત્પાદન વધ્યું જેથી આ બંને પ્રકારની આયાતો ઘટવા પામી છે.

**કોઠા નં. 14.4**

**તાજેતરમાં ભારતની આયાતમાં વિવિધ વસ્તુઓનો ટકાવારી ફાળો**

| વસ્તુજૂથ | 2012-13 | 2013-14 | 2015-16 | 2016-17 |
|---|---|---|---|---|
| અન્ન અને અન્ય પેદાશો | 3.4 | 3.2 | 5.1 | 5.6 |
| બળતણ | 36.9 | 40.2 | 25.4 | 26.7 |
| ખાતરો | 1.8 | 1.4 | 2.1 | 1.3 |
| કાગળની પેદાશો અને છાપાંનો કાગળ | 0.5 | 0.6 | 0.8 | 0.9 |
| મૂડીગત વસ્તુઓ | 12.8 | 12.1 | 13.0 | 13.6 |
| સોનું-ચાંદી | 11.4 | 7.4 | 9.3 | 7.6 |
| રસાયણો | 5.0 | 5.6 | 6.3 | 6.3 |
| મોતી-હીરા | 4.6 | 5.3 | 5.3 | 6.2 |

સ્રોત : Economic survey - 2016-17

ઉપરોક્ત કોઠામાં ભારત જે વસ્તુઓની આયાત કરે છે તેનો વિવિધ વર્ષો દરમિયાનનો ટકાવારી ફાળો દર્શાવાયો છે. વર્ષ 2012-13 થી 2016-17 દરમિયાન સૌથી વધુ આયાતો બળતણની થઈ છે. જે કુલ આયાતોનો લગભગ ત્રીજા ભાગનો હિસ્સો ધરાવે છે. ત્યારપછી મૂડીગત વસ્તુઓની આયાત થાય છે. અન્ન અને અન્ય પેદાશોની આયાતો ઓછી છે.

1991 પછી ઉદારીકરણની નીતિને લીધે ભારતની આયાતોમાં અનાજ અને ખેતીલક્ષી આયાતો ખૂબ ઓછી થઈ. અનાજની બાબતમાં આપણે સ્વાવલંબી બન્યા. કુલ આયાતોમાં મૂડીજન્ય આયાતોનો હિસ્સો પણ ઘટ્યો છે. દેશમાં વિકાસની ગતિ વધતાં મૂડીજન્ય વસ્તુઓનું ઉત્પાદન વધ્યું જેથી તેની આયાતો 2016-17 માં 13.6% થઈ.

### 14.5.2 ભારતનું નિકાસ માળખું (સ્વરૂપ) (1960-61 થી 2001-02) Composition of Indian exports

ભારતમાં 1947માં કુલ નિકાસોમાં ચા, શણ અને સૂતરાઉ કાપડની નિકાસોનું પ્રમાણ 50 ટકાથી પણ વધું હતું. એન્જિનિયરીંગ ક્ષેત્રનો હિસ્સો અલ્પ હતો. પરંતુ ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં આધુનિકરણની પ્રક્રિયાને લીધે કુલ નિકાસોમાં એન્જિનિયરીંગ અને અન્ય મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રનો હિસ્સો સૌથી વધુ હતો.

**ભારતનું નિકાસ માળખું (કોઠા નં.14.5.1) (ટકામાં)**

| નિકાસોનું સ્વરૂપ | 1960-61 | 1970-71 | 1980-81 | 1990-91 | 2001-02 |
|---|---|---|---|---|---|
| કૃષિ અને તેને સંલગ્નવસ્તુઓ | 44.2 | 31.7 | 30.6 | 19.4 | 13.1 |
| કાચીધાતુ ખનીજ | 8.1 | 10.7 | 6.2 | 4.6 | 1.8 |
| મેન્યુ ફેક્ચર્ડ | 45.3 | 50.3 | 55.8 | 72.9 | 83.2 |
| અન્ય વસ્તુઓ | 2.4 | 7.3 | 7.4 | 3.1 | 1.9 |
| **કુલ નિકાસો** | **100** | **100** | **100** | **100** | **100** |

Source : Economic Survey - 1970-91, 2001-02

**કોઠા નં.14.5.2**

**ભારતની નિકાસી વસ્તુઓનું ટકાવારી પ્રમાણ (૨૦૧૦-૧૧ થી ૨૦૧૭-૧૮)**

| નિકાસોનું સ્વરૂપ | 2010-11 | 2011-12 | 2012-13 | 2013-14 | 2014-15 | 2015-16 | 2016-17 | 2017-18 |
|---|---|---|---|---|---|---|---|---|
| કૃષિ અને તેને સંલગ્નવસ્તુઓ | 9.7 | 12.3 | 13.7 | 13.8 | 12.7 | 12.6 | 12.3 | 9.7 |
| કાચીધાતુ ખનીજ | 3.4 | 2.8 | 1.9 | 1.8 | 1.5 | 1.6 | 1.9 | 1.0 |
| મેન્યુ ફેક્ચર્ડ | 69 | 65.8 | 63.3 | 63.7 | 66.7 | 72.9 | 73.6 | 73.2 |
| ફૂડ અને પેટ્રોલિયમ પેદાશો | 16.8 | 18.6 | 20.7 | 20.7 | 18.5 | 11.9 | 11.7 | 11.8 |
| અન્ય વસ્તુઓ | - | 0.5 | 0.5 | 0.4 | 0.5 | 1.1 | 0.5 | - |

Source : Economic Survey - various years

૧૯૯૧ બાદ ઉદારીકરણની નીતિને લીધે વપરાશ

ઉપરના કોઠા ઉપરથી કહી શકાય કે કૃષિ અને તેને સંલગ્ન વસ્તુઓની નિકાસોનું પ્રમાણ 1960-61માં 44.2% હતું તે ઉત્તરોત્તર ઘટીને 1990-91માં 19.4% અને 2001-02માં 13.1% હતું. એજ રીતે કાચી ધાતુઓ અને ખનીજોની નિકાસ 1960-61માં 8.1% હતું તે સતત ઘટીને 1.8% જેટલું થયુ હતું. મેન્યુફેક્ચર્ડ વસ્તુની નિકાસનું પ્રમાણ કુલ નિકાસોમાં 45.3% હતું. જે સૌથી વધુ હતુ. જે વધીને 1990-91 માં 72.9% અને 2001-02 માં 83.2% જેટલું થયેલ છે. (જુઓ કોઠા નં.14.5)

આમ, 1960-61 થી 2001-02ના સમય દરમિયાન અંદાજીત તેમાં પોણા બે ગણો વધારો થયેલો જોવા મળે છે.

1991 બાદ ઉદારીકરણની નીતિને પરિણામે ભારતમાં નિકાસોનું સ્વરૂપ નોંધપાત્ર રીતે બદલાયુ નિકાસોમાં પ્રાથમિક વસ્તુઓનો હિસ્સો ઘટ્યો. એટલે કે પરંપરાગત નિકાસો જેવી કે ચા, કોફી, શણ વગેરેનો હિસ્સો ઘટ્યો જ્યારે ઔદ્યોગિક તેમજ બિનપરંપરાગત નિકાસોનો ફાળો વધેલો જણાય છે. આ બિનપરંપરાગત વસ્તુઓમાં તૈયાર વસ્ત્રો, હેન્ડીક્રાફ્ટ, રત્નો, આભૂષણો, ઈજનેરી માલસામાન, રસાયણો, મશીનરી વગેરેનો સમાવેશ થાય છે.

**કોઠા નં. 14.6**

**2008-09માં ભારતનું નિકાસ માળખું**

**[Export Structure of India in 2008-09]**

| અ.નં. | વસ્તુઓ | ટકાવારી |
|---|---|---|
| 1 | પ્રાથમિક પેદાશો-ખેતી અને અન્ય સંબંધિત પેદાશો (ચા, કોફી, ચોખા, દરિયાઈ પેદાશો વગેરે) | 14.9 |
| 2 | તૈયાર વસ્તુઓ જેમકે કાપડ, ચામડું અને ચામડાની બનાવટો, રસાયણો અને તેને સંબંધિત પેદાશો, ઈજનેરી વસ્તુઓ, ગાલીચા | 64.9 |
| 3 | ક્રુડ અને પેટ્રોલિયમ પેદાશો | 16.0 |
| 4 | અન્ય બિનવર્ગીકૃત વસ્તુઓ | 4.0 |
| | કુલ | 100 |

ઉપરના કોઠા ઉપરથી જાણી શકાય છે કે દેશમાંથી જે કુલ નિકાસો થાય છે તેમાં સૌથી વધુ પ્રમાણ તૈયાર વસ્તુઓનું છે. જે કુલ નિકાસોના 64.9% જેટલું છે. આ તૈયાર વસ્તુઓમાં કાપડ,

ચામડું, ચામડાની બનાવટો, ગાલીચા, ઈજનેરી વસ્તુઓ વગેરેનો સમાવેશ થાય છે. ક્રુડ અને પેટ્રોલિયમ પેદાશોનો હિસ્સો 16% જેટલો અને પ્રાથમિક ચીજવસ્તુઓનો હિસ્સો 14.9% જેટલો છે. જેથી કહી શકાય કે ખેતી ક્ષેત્રે ઉત્પન્ન થતી ચીજવસ્તુઓની માંગમાં ધીમી વૃદ્ધિ જોવા મળે છે.

**ભારતની નિકાસમાં વિવિધ વસ્તુઓનો ટકાવારી ફાળો**

**કોઠા નં. 14.7**

| વસ્તૂજૂથ | 2012-13 | 2013-14 | 2015-16 | 2016-17 | 2017-18 |
|---|---|---|---|---|---|
| ખેતી અને અન્ય સંબંધિત ચીજો | 13.7 | 12.7 | 12.6 | 12.3 | 9.7 |
| ખનીજો | 1.8 | 1.5 | 1.9 | 1.9 | 1.0 |
| ઔદ્યોગિક ચીજો અને કોલસો | 63.5 | 66.7 | 72.9 | 73.6 | 73.2 |
| પેટ્રો પેદાશો | 20.6 | 18.5 | 11.9 | 11.7 | 11.8 |

Source : Exim Bank and Economic survey of india

ઉપરના કોઠા ઉપરથી કહી શકાય કે ભારત જે વસ્તુઓની નિકાસ કરે છે તેમાં સૌથી વધુ નિકાસ ઔદ્યોગિક ચીજોની કરે છે જેનું પ્રમાણ 2012-13 માં 63.5% હતું તે વધીને 2017-18માં 73.2% થયું છે. આમ, કુલ નિકાસોમાં ઔદ્યોગિક ચીજોનું પ્રમાણ લગભગ 75% જેટલું ગણી શકાય. જ્યારે ખેતી અને તેને સંબંધિત અન્ય ચીજોની નિકાસોનું પ્રમાણ આ સમય દરમ્યાન 13.7% થી ઘટીને 9.7% જેટલું થયું છે. કોલસો અને પેટ્રો પેદાશોનું પ્રમાણ આ સમય દરમ્યાન ઘટ્યું છે.

## 14.6 ભારતના આંતરરાષ્ટ્રીય વેપારની દિશા : (વિદેશવેપાર) Direction of India's international Trade

આંતરરાષ્ટ્રીય વેપારની દિશા એટલે કોઈ દેશનાં વિશ્વના જુદા-જુદા દેશો સાથેનો વેપાર માટેનો સંબંધ સામાન્ય રીતે ભારત કયા દેશમાંથી આયાત કરે છે અને કયા દેશમાં નિકાસ કરે છે તે બાબત વિદેશ વેપારની દિશા સૂચવે છે. સ્વતંત્રતા પહેલાં ભારતનો મોટા પ્રમાણનો વેપાર UK સાથે થતો હતો. એટલે કે ભારતના વિદેશ વેપારની દિશા બ્રિટિશ સામ્રાજ્યના હિતને અનુલક્ષીને નક્કી કરવામાં આવતી હતી. આમ ભારતે કયા દેશો પાસેથી આયાત કરવી અને કયા દેશોમાં તેણે નિકાસ કરવી તે અંગેનો નિર્ણય બ્રિટિશ સરકાર દ્વારા લેવામાં આવતો. આથી સ્વાભાવિક રીતે જ ભારતનો મોટાભાગનો વિદેશ વેપાર બ્રિટન અને તેના સંસ્થાન દેશો (colonies) સાથે હતો. આ પરિસ્થિતિ સ્વતંત્રતા પ્રાપ્તિ પછી પણ અમુક વર્ષો સુધી ચાલુ રહી પરંતુ 1951 પછીના આયોજનકાળ દરમિયાન ભારતના વિદેશવેપારની દિશામાં મહત્વના ફેરફારો થયા છે. જે નીચે મુજબ છે.

વિદેશવેપારની દિશામાં બે બાબતોનો સમાવેશ થાય છે.

(A) આયાતવેપારની દિશા - Direction of Import Trade

(B) નિકાસ વેપારની દિશા - Direction of export Trade

### 14.6.1 આયાત વેપારની દિશા અને તેમાં થયેલા ફેરફારો

### (Direction of Import Trade and its changes)

સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલાં ભારતની આયાતો કયા દેશોમાંથી કરવી તે પોતાની સ્વતંત્ર પસંદગીના આધારે નહિ પરંતુ સંસ્થાનવાદી સંબંધોને આધારે નક્કી થતી હતી. 1950.51માં ભારતની કુલ આયાતોમાં ઈંગ્લેન્ડનો હિસ્સો 20.8% અને અમેરિકાનો 18.3% જેટલો હતો. આમ, આ બે દેશો જ ભારતની કુલ આયાતોનો લગભગ 40% જેટલો હિસ્સો ધરાવતા હતા. ધીમે ધીમે ભારતના આયાતના સ્રોતોમાં વધુને વધુ વિવિધતા આવતી ગઈ. સ્વતંત્રતા બાદ અનેક દેશો સાથે રાજકીય સંબંધો સ્થપાતાં ભારતની વિદેશવેપારની નવી દિશાઓ ખુલી છે.

સામાન્ય રીતે ભારતે વિવિધ વસ્તુઓની આયાતો આયોજનકાળ દરમિયાન (1951 પછી) નીચેના દેશો પાસેથી કરી છે જેમને નીચે પ્રમાણે વર્ગીકૃત કરી શકાય છે.

**O.E.C.D. ના દેશો :- (આર્થિક સહકાર અને વિકાસ માટેનું સંગઠન)**

આ દેશોમાં અમેરિકા, જર્મની, જાપાન, ઈટાલી, ફ્રાન્સ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, નેધરલેન્ડ વગેરેનો સમાવેશ થાય છે. 1960-61માં O.E.C.D. ના દેશોમાંથી 78% જેટલી આયાતો થઈ હતી જે ઘટીને 1995-96 માં 52.4% થઈ હતી.

**OPEC ના દેશો :- (ખનીજતેલની નિકાસ કરતાં દેશોનું જૂથ)**

જેમાં ઈરાક, ઈરાન, કુવૈત, સાઉદી અરેબિયાનો સમાવેશ થાય છે. OPEC ના દેશોમાંથી થતી આયાતોનું પ્રમાણ 1960-61માં 4.5% જેટલું હતું જે વધીને 1995-96માં 20.9% જેટલું થયું. આમ, OPEC થી થતી આયાતોનું પ્રમાણ વધ્યું છે. કારણકે દેશમાં ઔદ્યોગિકરણ અને વિકાસ વધતાં પેટ્રોલ (ખનીજતેલ)ની આયાતો વધવા પામી છે.

**વિકાસશીલ દેશો :-**

જેમાં OPEC સિવાયના વિકસતા દેશોનો સમાવેશ થાય છે. આ વિકાસશીલ દેશો સાથેનો આપણો વેપાર વધ્યો. ખાસ કરીને એશિયા, મધ્ય એશિયા અને આફ્રિકાના વિકાસશીલ દેશો સાથેનો આપણો વેપાર વધ્યો છે. 1960-61માં વસ્તુઓની કુલ આયાતોમાં 11.8% જેટલી આયાતો વિકાસશીલ દેશોાંથી થતી હતી જે 2007-08માં વધીને 32% જેટલી થઈ છે.

**પૂર્વ યુરોપના દેશો :-**

જેમાં રશિયા, રોમાનિયા, પોલેન્ડ, ઝેકોસ્લાવિયા વગેરે દેશોનો સમાવેશ થાય છે. રશિયા સાથે ભારતના મૈત્રી સંબંધો સારા હતા. સ્વતંત્રતા પછી રશિયાથી ઉંચા પ્રમાણમાં આયાતો થવા લાગી જે 1980 પછી ઘટી ગઈ. જેના માટે રશિયામાં થયેલી આર્થિક કટોકટી જવાબદાર હતી.

નોંધ :- 2007-08 સુધી ભારતના વિદેશ વેપારની દિશા દર્શાવવા માટેના પ્રદેશોનું વર્ગીકરણ જે રીતે થતું હતું તે ત્યારપછી બદલાયું છે.

2008-09 અને 2014-15 માં ભારતની વસ્તુઆયાતોમાં વિશ્વના વિવિધ પ્રદેશોનો ટકાવારી હિસ્સો નીચેના કોઠામાં દર્શાવવામાં આવ્યો છે. (કોઠા નં.14.8.1)

**વિશ્વના વિવિધ પ્રદેશોનો ભારતની વસ્તુઆયાતોમાં ટકાવારી હિસ્સો (2014-15)**

**કોઠા નં. 14.8.1**

| પ્રદેશ | 2008-09 | 2014-15 | 2016-17 |
|---|---|---|---|
| એશિયા અને એશિયન દેશો | 62.0 | 59.0 | 60.2 |
| યુરોપ | 18.9 | 16.0 | 15.7 |
| આફ્રિકા | 6.2 | 8.0 | 7.6 |
| લેટિન અમેરિકન દેશો | 13.0 | 7.0 | 7.5 |
| નોર્થ અમેરિકા | 10.2 | 6.0 | 4.5 |
| CIS અને બાલ્ટિક પ્રદેશો | 2.7 | 2.0 | 2.4 |
| અન્ય | - | 2.0 | 2.0 |
| | **100** | **100** | **100** |

ઉપરના કોઠા ઉપરથી કહી શકાય કે ભારતની આયાતોમાં સૌથી વધુ આયાતો એશિયાના દેશોમાંથી થાય છે. એશિયા અને એશિયન દેશોમાંથી થતી આયાતો ઊંચું હોવાનું કારણ ખનીજતેલ અને પેટ્રોલિયમ પેદાશોની નિકાસ કરતાં દેશોનો હિસ્સો ઉંચો છે. જ્યારે સ્વતંત્ર દેશોનો રાષ્ટ્રસમૂહ (CIS) અને બાલ્ટિક દેશોનો હિસ્સો એકદમ નજીવો છે. 2008-09ની તુલનાએ 2014-15માં એશિયા

અને એશિયન દેશોનો ફાળો ઘટ્યો છે. જ્યારે યુરોપના દેશોનો ફાળો થોડોક વધ્યો છે.

**કોઠા નં. 14.8**

**ભારતની આયાતોનું દિશાસૂચન**

**Direction of Indian's imports (%) (ટકામાં)**

| દેશનો બ્લોક | 1960-61 | 1970-71 | 1980-81 | 1990-91 | 2001-02 |
|---|---|---|---|---|---|
| OECD | 78 | 63.8 | 45.7 | 54 | 41.9 |
| OPEC | 4.6 | 7.7 | 27.8 | 16.3 | 22.6 |
| પૂર્વયુરોપ | 3.4 | 13.5 | 10.3 | 7.8 | 1.3 |
| વિકાસશીલ દેશો | 11.8 | 14.6 | 15.7 | 18.4 | 21.2 |
| અન્ય દેશો | 2.2 | 0.4 | 0.5 | 3.5 | 3.0 |
| કુલ | 100 | 100 | 100 | 100 | 100 |

Source : Economic Survey 2001-02

ઉપરના કોઠા ઉપરથી જોઈ શકાય છે કે 1960-61 માં આપણી સૌથી વધુ આયાતો OECD ના દેશોમાંથી થતી આયાતોનું પ્રમાણ સૌથી વધુ 41.9% જેટલું છે. પરંતુ 1960-61ની તુલનાએ 2001-02 માં તેમાં ઘટાડો થયો છે. આજ સમયગાળા દરમિયાન OPEC ના દેશોમાંથી થતી આયાતોનું પ્રમાણ વધ્યું છે જે 4.6% થી 22.6% થયું છે. જ્યારે વિકાસશીલ દેશોમાંથી થતી આયાતો 11.8%થી વધી 21.2% થઈ છે.

આમ, આયોજનકાળ દરમિયાન ભારતના આયાત વેપારની દિશામાં મોટાં પરિવર્તનો આવ્યાં છે.

**તાજેતરનાં વર્ષોમાં ભારતની આયાતના સ્ત્રોતો (ટકાવારીમાં)**

**કોઠા નં. 14.9**

**વિશ્વના વિવિધ દેશોનો ભારતની વસ્તુ આયાતોમાં ટકાવારી હિસ્સો નીચેના કોઠામાં દર્શાવાયો છે.**

| દેશ | 2015-16 | 2016-17 |
|---|---|---|
| ચીન | 16.20% | 16.45% |
| USA | 5.72 | 5.88 |
| સાઉદી અરબ | 5.33 | 5.21 |
| સંયુક્ત આરબ અમીરાત | 5.10 | 5.57 |
| સ્વિટ્ઝરલેન્ડ | 5.07 | 4.42 |
| ઈન્ડોનેશિયા | 3.45 | 3.30 |
| દક્ષિણ કોરિયા | 3.42 | 3.26 |
| જર્મની | 3.14 | 3.11 |
| ઈરાક | 2.84 | 2.82 |
| નાઈઝિરીયા | 2.61 | 1.95 |

Source : Economic Survey 2017-18

ઉપરના કોઠા ઉપરથી જાણી શકાય છે કે ભારત વિશ્વના વિવિધ દેશોમાંથી જે આયાતો કરે છે તેમાંથી સૌથી વધુ આયાતો ચીનમાંથી કરે છે. જેનું પ્રમાણ 2015-16 માં 16.20% અને 2016-17 માં 16.45% જેટલું છે. ત્યારબાદ અમેરિકાથી થતી આયાતોનું પ્રમાણ 2015-16માં 5.72% અને 2016-17માં 5.88% જેટલું છે. સંયુક્ત આરબ અમીરાત અને સ્વિટ્ઝરલેન્ડ ની આયાતોમાં હિસ્સો

અનુક્રમે (2015-16) 5.33% અને 5.07% હતો જે 2016-17માં 5.57% અને 4.42% જેટલો થયો છે.

### 14.6.2 નિકાસવેપારની દિશા અને તેમાં થયેલા ફેરફારો :

**Direction of export trade and its changes.**

આઝાદી સમયે આપણી નિકાસોની દિશા મર્યાદિત દેશો સાથે સંબંધ ધરાવતી હતી પરંતુ આઝાદી પછી તેમાં પરિવર્તન આવ્યું છે. આયોજનકાળ દરમિયાન ભારતના નિકાસ વેપારની દિશામાં મહત્વના ફેરફારો થયા છે. જેમાં સૌથી નોંધપાત્ર ફેરફાર એ થયો છે કે આપણા કુલ નિકાસ વેપારમાં સ્ટર્લિંગ વિસ્તારના દેશો અને તેમાં પણ ખાસ કરીને બ્રિટનના સાપેક્ષ હિસ્સામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

દા.ત; 1950-51 માં આપણા કુલ નિકાસ વેપારમાં બ્રિટનનો હિસ્સો લગભગ 23% હતો જે 2000-2001માં ઘટીને 5.2% જેટલો થઈ જવા પામ્યો હતો. જે 2016-17માં ઘટીને 3.23% થયો છે.

1991 બાદ રશિયા અને પૂર્વ યુરોપના કેટલાંક દેશોના વિઘટનને લીધે ભારતની વિદેશ વેપારની દિશામાં મહત્વનો બદલાવ આવ્યો છે.

દા.ત; ભારતના કુલ નિકાસ વેપારમાં રશિયાનો સાપેક્ષ હિસ્સો 1990-91માં લગભગ 16% જેટલો હતો તે 2000-01માં ઘટીને 2.0% જેટલો થયો હતો.

આયોજનકાળ દરમિયાન ભારતના વિદેશ વેપારની દિશામાં નોંધપાત્ર વિસ્તૃતીકરણ થયું છે.

**કોઠા નં. 14.10.1**

**ભારતની નિકાસોનું દિશાસૂચન**

**Direction of Indian's Exports (%) (ટકામાં)**

| દેશનો બ્લોક | 1960-61 | 1970-71 | 1980-81 | 1990-91 | 2001-02 |
|---|---|---|---|---|---|
| OECD | 66.1 | 50.1 | 46.6 | 53.5 | 59.2 |
| OPEC | 4.1 | 6.4 | 11.1 | 5.6 | 11.6 |
| પૂર્વયુરોપના દેશો | 7.0 | 21.0 | 22.1 | 17.9 | 2.6 |
| વિકાસશીલ દેશો | 14.8 | 19.2 | 16.8 | 20.8 | 27.1 |
| અન્ય દેશો | 8.0 | 3.3 | 3.4 | 2.2 | 2.0 |
| **કુલ** | **100** | **100** | **100** | **100** | **100** |

Source : Economic Survey 2001-02

ઉપરના કોઠા ઉપરથી જાણી શકાય છે કે ભારત 1960-61માં OECD ના દેશોમાં 66.1% જેટલી નિકાસો કરતું હતું જે પ્રમાણ કુલ નિકાસોમાં સૌથી વધુ હતું જ્યારે સૌથી ઓછી નિકાસો OPEC ના દેશોમાં થતી હતી OECD ના દેશોમાં થતી નિકાસોમાં ક્રમશ: ધીમી ગતિએ ઘટાડો થયો છે જે 2001-02માં 59.2% જેટલી હતી. આમ છતાં જોઈ શકાય છે કે 2001-02માં પણ ભારત સૌથી વધુ નિકાસો OECD ના દેશોમાં જ કરે છે. જ્યારે આ સમય દરમિયાન OPEC ના દેશોમાં થતી નિકાસો લગભગ ત્રણ ગણી વધી છે અને વિકાસશીલ દેશોમાં થતી નિકાસો પણ વધી છે જે બે ગણા જેટલી વધી છે.

**કોઠા નં. 14.10.2**

**ભારતની નિકાસોનું દિશાસૂચન**

| **પ્રદેશ** | **2008-09** | **2014-15** | **2016-17** |
|---|---|---|---|
| એશિયા અને એશિયન દેશો | 52.2 | 50.0 | 49.9 |
| યુરોપ | 22.7 | 18.0 | 19.4 |
| આફ્રિકા | 6.1 | 11.0 | 8.4 |
| લેટિન અમેરિકન દેશો | 15.5 | 5.0 | 2.6 |
| નોર્થ અમેરિકા | - | 14.0 | 17.3 |
| CIS અને બાલ્ટિક પ્રદેશો | 3.5 | 1.0 | 1.0 |
| અન્ય | 1.0 | 1.0 | 1.5 |

Source : Economic Survey, Various Years

કોઠા નં. ૧૪.૧૦ માં દેશોનું જે વર્ગીકરણ દર્શાવ્યું છે તેના આધારે Latest Data શક્ય નથી કારણ કે ૨૦૦૭-૦૮ ના વર્ષથી દેશોનું વર્ગીકરણ બદલાયું છે જેથી ૨૦૦૮-૦૯ થી ઉપરોક્ત ટેબલ નંબર ૧૪.૧૦.૧ મુજબ દેશોનું વર્ગીકરણ કરેલું છે.

**તાજેતરનાં વર્ષોમાં ભારતની નિકાસના સ્રોતો (ટકાવારીમાં)**

**કોઠા નં. 14.11**

વિશ્વના વિવિધ દેશોનો ભારતની વસ્તુ નિકાસોનું ટકાવારી પ્રમાણ નીચેના કોઠામાં દર્શાવાયું છે.

| **દેશ** | **2015-16** | **2016-17** |
|---|---|---|
| USA | 15.37 | 16.08 |
| સંયુક્ત આરબ અમીરાત | 11.55 | 11.73 |
| હોંગકોંગ | 4.61 | 5.13 |
| ચીન | 3.43 | 3.28 |
| UK | 3.37 | 3.23 |
| સિંગાપુર | 2.94 | 3.07 |
| જર્મની | 2.70 | 2.62 |
| સાઉદી અરબ | 2.44 | 1.95 |
| બાંગ્લાદેશ | 2.30 | 2.25 |
| શ્રીલંકા | 2.02 | 1.41 |

Source : World Trade Report 2017-18

ઉપરના કોઠા ઉપરથી જોઈ શકાય છે કે વિશ્વના વિવિધ દેશોમાં ભારત જે વસ્તુનિકાસો કરે છે જેમાં ટોચના દસ દેશોની માહિતી મળે છે. જેમાં 2015-16 અને 2016-17માં સૌથી વધુ નિકાસો અમેરિકામાં અનુક્રમે 15.37% અને 16.08% થઈ હતી. ત્યારબાદ સંયુક્ત આરબ અમીરાતમાં તેનું પ્રમાણ 11.55% અને 11.73% જેટલું છે. ત્યારપછી હોંગકોંગ, ચીન, UK નો સમાવેશ થાય છે.

**વેપારક્ષેત્રે ભારતના ત્રણ સૌથી મોટા ભાગીદાર દેશ.**

**કોઠા નં. 14.12 (2015-16)**

**નિકાસક્ષેત્રે ભાગીદારી**

| દેશ | નિકાસનું પ્રમાણ | ટકાવારી હિસ્સો |
|---|---|---|
| ચીન | 9.018 અબજ ડોલર | 3.43 |
| અમેરિકા | 40.336 અબજ ડોલર | 15.38 |
| સંયુક્ત આરબ અમીરાત | 30.290 અબજ ડોલર | 11.55 |
| કુલ વ્યાપારમાં પ્રમાણ | | 30.36% |

ઉપરના કોઠા ઉપરથી સમજી શકાય છે કે વેપારક્ષેત્રે ભારતના ત્રણ સૌથી મોટા ભાગીદાર દેશોમાં ચીન, અમેરિકા અને સંયુક્ત આરબ અમીરાત છે. આ દેશોમાંથી અમેરિકામાં ભારત સૌથી વધુ નિકાસ કરે છે જે કુલ વ્યાપારમાં 15.38% જેટલો છે. સંયુક્ત આરબ અમીરાતમાં 11.55% જેટલી નિકાસો કરે છે જ્યારે ચીનમાં 3.43% જેટલી નિકાસો કરે છે. આમ, ભારત કુલ વ્યાપારમાંથી 30.36% જેટલી નિકાસો માત્ર આ ત્રણ દેશોમાં જ કરે છે.

**આયાતક્ષેત્રે ભાગીદારી કોઠા નં. 14.13**

| દેશ | આયાતનું પ્રમાણ | ટકાવારી હિસ્સો |
|---|---|---|
| ચીન | 61.707 અબજ ડોલર | 16.19 |
| અમેરિકા | 19.446 અબજ ડોલર | 5.10 |
| સંયુક્ત આરબ અમીરાત | 21.781 અબજ ડોલર | 5.72 |
| કુલ આયાત વેપારમાં પ્રમાણ | | 27.01% |

ઉપરોક્ત કોઠા ઉપરથી કહી શકાય કે ભારત સૌથી વધુ આયાત ચીનમાંથી કરે છે જે 61.707 અબજ ડોલર એટલે કે 16.19% જેટલી આયાતો થાય છે. જ્યારે બીજા ક્રમે સંયુક્ત આરબ અમીરાતમાંથી 5.72% અને અમેરિકામાંથી 5.10% જેટલી આયાતો કરે છે. દેશની કુલ આયાતોના પ્રમાણમાંથી લગભગ 27.01% જેટલી આયાતો માત્ર ત્રણ જ દેશોમાંથી કરે છે.

## 14.7 વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો [India's Share in Global Trade]

દુનિયાના વ્યાપારમાં ભારતનો ફાળો ખૂબ જ ઓછો રહ્યો છે. વિશ્વ વેપારનું કદ અને વૃદ્ધિનો દર જોતાં ભારતનો વિદેશ વેપારમાં હિસ્સો નાનો છે પરંતુ એક વિકાસશીલ દેશ તરીકે ભારત વિશ્વવેપારમાં મહત્વનો ભાગ ભજવે છે. ભારતની પોતાની નિકાસો વધી છે. તેમજ કુલ ઘરેલું પેદાશ (GDP) માં પણ નિકાસનો ફાળો વધ્યો છે. તાજેતરનાં વર્ષોમાં ભારતનો વિશ્વવેપારનો હિસ્સો ઘટ્યો છે જે નીચેના કોઠા ઉપરથી સમજી શકાશે.

**વિશ્વની કુલ નિકાસોમાં ભારતની નિકાસોનો ટકાવારી હિસ્સો**

**કોઠા નં. 14.14**

| વર્ષ | વિશ્વની કુલ નિકાસોમાં ભારતનો ટકાવારી હિસ્સો | વિશ્વમાં હિસ્સો ભારતનો ક્રમ |
|---|---|---|
| 1950 | 1.85 | - |
| 1960 | 1.03 | - |
| 1970 | 0.64 | - |
| 1980 | 0.42 | - |
| 1990 | 0.52 | - |
| 2000 | 0.70 | 31 |
| 2004 | 0.80 | 30 |
| 2005 | 0.90 | 29 |
| 2010 | 1.50 | 19 |
| 2015 | 1.62 | 19 |
| 2020 (લક્ષ્યાંક) | 3.50 | - |

Source : World Trade report - various years

ઉપરોક્ત કોઠા ઉપરથી સમજી શકાય કે 1950 થી 1980 સુધી વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો ઘટતો જતો જોવા મળે છે અને ત્યારબાદ તેમાં સતત વધારો થતો જાય છે. વર્ષ 2000માં વિશ્વમાં ભારતનો ક્રમ 31મો હતો તેમાં સતત સુધારો થતો ગયો છે. 2015માં તે 19 મા ક્રમે જોવા મળે છે. 2020 સુધીમાં વિશ્વની કુલ નિકાસોમાં ભારતનો હિસ્સો 3.50 ટકા રહેવાનો અંદાજ રખાયો છે.

## 14.8 ભારતની GDP માં (કુલ ઘરેલું પેદાશમાં) વિદેશ વેપારનો હિસ્સો

**કોઠા નં.14.15**

| વર્ષ | ભારતના વેપારનો GDP માં ટકાવારી હિસ્સો |
|---|---|
| 1981 | 12 |
| 1991 | 13.9 |
| 2001 | 19 |
| 2011 | 41.8 |
| 2014 | 38.3 |
| 2015 | 48.8 |

સ્રોત : World Trade Report - 2015

ઉપરના કોઠા ઉપરથી જોઈ શકાશે કે 1981માં ભારતના વેપારનો કુલ ઘરેલું પેદાશમાં હિસ્સો 12% જેટલો હતો જે 1991 માં 13.9% અને 2001માં 19% થયો પરંતુ ત્યારબાદ તેમાં ઝડપી વધારો નોંધાયો અને 2015માં તેનું પ્રમાણ 48.8% જેટલું થયું.

દેશમાં થતી આયાતો અને દેશમાંથી થતી નિકાસો પણ રાષ્ટ્રીય આવક વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. વિકાસ માટે કાચોમાલ, અર્ધતૈયાર માલ, મૂડીગત વસ્તુઓની આયાતો વગેરેનું પ્રમાણ વધ્યું. જ્યારે વપરાશી વસ્તુઓ પર નિયંત્રણ મૂકવામાં આવ્યું. 1990-91માં રાષ્ટ્રીય આવકમાં આયાતોનો ફાળો 8.15% જેટલો હતો જે 2000-01માં વધીને 27.6% જેટલો થયો પરંતુ ત્યારબાદ

2003-04માં ઘટીને 11.2% થયો. એજ રીતે રાષ્ટ્રીય પેદાશમાં નિકાસોનું પ્રમાણ વધવા પામ્યું છે જે 1990-91માં 9.8% હતું તે 2003-04માં 11.2% થયું છે.

## 14.9 સારાંશ :- Conclusion

પ્રસ્તુત પ્રકરણમાં આપણે આંતરરાષ્ટ્રીય વેપારનો ખ્યાલ, તેનું પ્રમાણ, દિશા અને સ્વરૂપ વિશે માહિતી મેળવી તથા આયોજનકાળ દરમિયાન તેમાં આવેલાં પરિવર્તનોની પણ ચર્ચા કરી. આ સમગ્ર ચર્ચા ઉપરથી ફલિત થાય છે કે આઝાદી પછી વિદેશ વેપારનાં વલણોમાં અસાધારણ પરિવર્તન આવ્યું છે. ભારતની આયાતોનું સ્વરૂપ આપણી વિકાસ જરૂરિયાતો મુજબ બદલાયું છે વળી આપણી નિકાસોમાં વૃદ્ધિ થઈ છે અને તેમાં વિવિધતા આવી છે. વિદેશ વેપારની દિશાઓના સંદર્ભમાં જોઈએ તો ભૌગોલિક દૃષ્ટિએ વિદેશવેપાર હવે બહુમુખી અને મહદઅંશે સમતોલ બન્યો છે. આયોજનના પ્રારંભકાળે આપણો આયાત - નિકાસ વેપાર મુઠ્ઠીભર દેશો સાથે સંકળાયેલો હતો પરંતુ આયોજનકાળ દરમિયાન આપણે અનેક નવા દેશો સાથે આયાત-નિકાસની બાબતમાં નવા સંબંધો સ્થાપિત કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. આમ છતાં આટલી પ્રગતિ પછી પણ આયાત અને નિકાસ વેપાર વચ્ચે સમતુલા સ્થાપિત કરવામાં સફળતા મળી નથી. જેથી વેપારતુલામાં ખાદ્ય જોવા મળે છે. આ ઉપરાંત કુલ વિશ્વ વેપારમાં ભારતનો હિસ્સો હજુ પણ ઘણો ઓછો છે. અન્ય વિકાસશીલ દેશોની તુલનામાં પણ આપણે હજુ પાછળ છીએ. જો વિદેશ વેપારમાં ભારતનો હિસ્સો વધારવો હોય તો નિકાસો વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

## 14.10 ચાવીરૂપ શબ્દો (Key words)

**વેપાર** : વેપાર એટલે એવી વ્યાવસાયિક પ્રવૃત્તિ કે જેમાં વસ્તુઓ, સેવાઓ, મૂડી, ટેક્નોલોજી, ટેકનિકલ જાણકારી, માહિતી, નવીન જ્ઞાન વગેરેનો નફા માટે વિનિમય થાય છે.

**વેપારનું કદ (પ્રમાણ)** : કોઈદેશમાં કોઈ સમયગાળા દરમિયાન આયાત અને નિકાસ થતી વસ્તુઓનો કુલ જથ્થો (કુલ મૂલ્ય) એટલે વેપારનું કદ.

**વેપારની દિશા** : કોઈ એક દેશનો વિશ્વના વિવિધ દેશો સાથેના વેપાર માટેનાં સંબંધો.

**વેપારતુલા** : વર્ષ દરમિયાન કોઈ દેશના વિદેશો સાથેની લેવડ-દેવડ (આયાત-નિકાસ) ના હિસાબી સરવૈયામાં ભૌતિક વસ્તુઓની આયાત અને નિકાસના પ્રમાણ (મૂલ્ય) ની તુલા.

**પરંપરાગત નિકાસો** : દેશમાં સ્વતંત્રતા પહેલા અને પછીના ઘણા વર્ષો સુધી જે વસ્તુઓની નિકાસોનું પ્રમાણ વધુ રહ્યું હોય અને પરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા ઉત્પાદિત થયેલી વસ્તુઓની નિકાસો

**વિકાસલક્ષી આયાતો** : દેશમાં વિકાસની પ્રક્રિયા વધારવા માટે ઓછા વિકસીત અને વિકાસશીલ દેશો દ્વારા થતી મુડી, ટેક્નોલોજી વગેરેની આયાતો

## 14.11 ટૂંકાક્ષરો

CIS = Commonwealth of Independent States (સ્વતંત્ર રાજ્યોનો રાષ્ટ્રસમૂહ)

GDP = Gross Domestic Product (કુલ ઘરેલુ પેદાશ - આંતરિક પેદાશ)

UK = United Kingdom

USA = United States of America

OPEC = Organisation for Petroleum Exporting Countries

OECD = Organisation for Economic Corporation and Development.

## 14.12 કેટલાંક ઉપયોગી પુસ્તકો


- Misra S.K. and Puri V.K., 1989: 'Indian Economy', Himalaya Publishing house, Delhi, Chapters on Foreign Trade.
- Soderstem, Bo.1980 : 'International Economics' second edition, Macmillan, London, chapter-12
- Economic survey different years
- Economic and Political Weekly
- Basic Statisfics Relating to the Indian Economy : Government of India
- World Trade Report - Various Years
- Datt rudar and K.P.M. Sundharam, 'Indian Economy' S. chand and co.ltd; New Delhi-2004
- Reserve Bank of India Bulletins.
- Handbook of Statistics on Indian Economy-2001,2011
- Monthly Bulletin on Foreign Trade.


**તમારી પ્રગતિ ચકાસો :**

**(ક) નીચેના પ્રશ્નોનો ટુંકમાં જવાબ આપો.**

(1) વેપાર એટલે શું ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) આંતરિક વેપાર એટલે શું ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) આંતરરાષ્ટ્રીય વેપાર એટલે શું ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(ખ) નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો.

(i) વેપાર દ્વારા શું થાય છે ?

(અ) સાધનોની ગતિશીલતા ઘટે છે (બ) ઉદ્યોગોની સંખ્યા ઘટે છે.

(ક) ઉત્પાદન પ્રક્રિયા ધીમી પડે છે (ડ) ઉત્પાદનમાં વિવિધતા આવે છે.

(ii) વિદેશવેપારમાં કયું સાધન સૌથી ઓછું ગતિશીલ છે ?

(અ) મૂડી (બ) જમીન (ક) શ્રમ (ડ) નિયોજનશક્તિ.

(iii) ભારતના વેપારના પરંપરાગત ભાગીદાર દેશોમાં કયા દેશોનો સમાવેશ કરી શકાય ?

(અ) ઈંગ્લેન્ડ અને રશિયા (બ) જાપાન અને ચીન

(ક) મધ્ય એશિયાના દેશો (ડ) ઓસ્ટ્રેલિયા

(ગ) નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં જવાબ આપો.

(i) વિદેશવેપારનું કદ એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

(ii) વિદેશ વેપારનું સ્વરૂપ એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

(iii) વિદેશ વેપારની દિશા એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

(iv) વેપારતુલામાં ખાદ્ય ક્યારે સર્જાય ?

.................................................................

.................................................................

.................................................................

(ઘ)

(i) શું તમે માનો છો કે આયોજનના સમય દરમિયાન ભારતની નિકાસોના પ્રમાણ, સ્વરૂપ અને દિશામાં નોંધપાત્ર પરિવર્તન થયું છે ?

(ii) શું તમે માનો છો કે આયોજનના સમય દરમિયાન ભારતની આયાતોના પ્રમાણ, સ્વરૂપ અને દિશામાં નોંધપાત્ર ફેરફારો થયા છે ?

## 14.3 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો.

(1) તમારી પ્રગતિ ચકાસો (ક)

(i) વાંચો વિભાગ 14.10

(ii) વાંચો પેટાવિભાગ 14.2.1

(iii) વાંચો પેટાવિભાગ 14.2.2

(2) તમારી પ્રગતિ ચકાસો (ખ)

(i) ડ

(ii) બ

(iii) અ

(3) તમારી પ્રગતિ ચકાસો (ગ)

(i) વિભાગ 14.4 વાંચો

(ii) વિભાગ 14.5 વાંચો

(iii) વિભાગ 14.6 વાંચો

(iv) પેટાવિભાગ 14.4.4 વાંચો

**(4) તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

(i) નિકાસનું પ્રમાણ, સ્વરૂપ અને દિશામાં થયેલા ફેરફારોનું પ્રમાણ ટૂંકમાં ચર્ચો પછી તમારાં તારણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

(ii) આયાતનું પ્રમાણ, સ્વરૂપ અને દિશામાં થયેલા ફેરફારોનું પ્રમાણ ટુંકમાં ચર્ચો પછી તમારાં તારણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

9 789389 456073

**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**